
# બાળકોના રંગલાલા



ભાગ-૭

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

## પૂ. શ્રીરંગ અવધૂતજીના હસ્તાક્ષરમાં

### વાસુદેવનામસુધાના કેટલાક શ્લોકો

वासुदेवं परित्यज्य योऽन्यं दीनमुपासते
गंगांबु निर्मलं त्यक्त्वा मृगांबु परीप्सते ॥ १। धा
जहि वा शाधि वा चांब स्वीकुरु दूरमुत्सृज ।
तवैवाहं तवैवाहं तवैवाहं पुनः पुनः ॥ २॥
त्वं चेज्जहासि हे मातः कोऽन्यस्त्राताऽस्ति मामकः ।
चेष्टेताबालवद्बालो माता मातैव सा पुनः ॥ ३॥
नो विद्या नो तपः क्वापि वर्तते मयि निश्चितम् ।
तवास्मीत्येव मे तोषो यन्नाशे मरणं ध्रुवम् ॥ ४॥
माऽस्त्वन्नं भक्षितुं माऽस्तु वस्त्रं वा धारणाय वै ।
मा बोधः किं पुनर्गेहं तेऽस्त्वेकं स्मरणं परम् ॥ ५॥
नो कांक्षे काव्यव्युत्पत्तिं नो वित्तं नो पुनर्यशः ।
प्राज्यं राज्यं तृणं मन्ये त्वद्विना किं सुखं ध्रुवम् ॥ ६॥
एहि मातर्गुणार्भे देहि बोधस्तन परम् ।
धेनोर्विनाकृतं वत्सं दिक् कथं सुखमाप्नुयात् ॥ ७॥
मृषाऽपि वर्धते बंधोऽयं शीघ्रं त्वरितं प्रभो ।
त्राहि मग्नं भवे भीम मामेवं शरणागतम् ॥ ८॥
वासुदेवो यतीड् यत्र तत्र गंगा सुनिश्चितः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ ९॥
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥ १०॥

# બાળકોના રંગદાદા

## ભાગ-૭

---


પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ, અમદાવાદ.
મોઃ ૯૮૨૪૫૦૪૨૦૬

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય
"રાહ-રંગપ્રેમની"
મોઃ ૯૬૮૭૬૬૧૧૧૪

મુદ્રક : અજય ઑફસેટ
બારડોલપુરા, અમદાવાદ.

આવૃત્તિ : પાંચમી
ગુરુપૂર્ણિમા
અષાઢ સુદ ૧૫, સં. ૨૦૭૯
તા. ૩-૭-૨૦૨૩

પ્રત : ૨૫૦

મૂલ્ય : રૂા. ૩૫/-

# બાળકોના રંગદાદા

## (૧)
## નારેશ્વરમાં પહેલી વાર દત્તજયંતી

સને ૧૯૨૫ના ડિસેમ્બર માસની ચોથી તારીખ.
સંવત ૧૯૮૨ની માગસર વદ ચોથ.
છવીસ વર્ષના પાતળી કાઠીના એક યુવાને નારેશ્વરના દહેરે લીમડા નીચે પ્રભુપ્રાપ્તિ અર્થે આસન મૂક્યું.
એ યુવાન બ્રહ્મચારી પાંડુરંગ એટલે આપણા રંગદાદા- અવધૂત બાપજી- રંગ અવધૂત મહારાજ.
અવધૂતજીના ઈષ્ટદેવ ભગવાન દત્તાત્રેય.
સત્યયુગમાં અત્રિ ઋષિ અને સતી અનસૂયાના પુત્રરૂપે પ્રગટેલા દત્તાત્રેય ભગવાન જ્ઞાનનો અવતાર ગણાય.
અત્રિના પુત્ર એટલે આત્રેય. બ્રહ્મા, હરિ (વિષ્ણુ) અને હર (શંકર) ત્રણે દેવો પુત્રરૂપે અવતર્યા.
અવધૂતજી નારેશ્વરમાં આવ્યા ત્યારે 'દત્ત દત્ત' એવું બોલે.
ગુજરાતના ગામડાના લોકો દત્ત વિશે બહુ જાણે નહિ. એમને આશ્ચર્ય થાય કે આ બાવો 'લટ્ઠ લટ્ઠ' શું બોલે છે?

પછી ધીરે ધીરે લોકો સંપર્કમાં આવતા થયા.
પૂ.શ્રીનું જ્ઞાન, સાધના, તપ, સંયમ વગેરે જોયા એટલે ભક્ત બની ગયા.
અવધૂતજી મૌન રાખે.
ગુરુવારે અને રવિવારે ખપ પૂરતું બોલે.
છતાં લોકોની જીવન પ્રત્યેની દૃષ્ટિ સાત્ત્વિક થતી ગઇ.
ઇશ્વરમાં શ્રદ્ધા વધતી ગઇ.
માનવતાભર્યા કાર્યો કરતી થઇ ગઇ.
સને ૧૯૨૮ એટલે કે સંવત ૧૯૮૫ના માગસર માસમાં પાંચ-દસ ભક્તો ભેગા થયા.
માગસર માસની પૂનમ એટલે દત્તભગવાનનો પ્રાગટ્ય દિન- દત્તજયંતી.
આપણા અવધૂત બાપજીના ઇષ્ટદેવની જયંતી ઉજવીએ.
લોકોને ઉત્સવ ઉજવવાનું ગમે એ સ્વાાવિક છે.
ઉત્સવપ્રિયા: જના: ।
ભગવાનની જયંતીની ઉજવણીમાં પ્રેમભાવ અને ત્યાગભાવ, બંધુભાવ અને પરસ્પર દેવભાવ વધે.
દિવ્યતાભર્યું વાતાવરણ અનેરો આનંદ આપે.
આપણા હૃદયમાં રહેલો આનંદ અને દિવ્ય વાતાવરણનો આનંદ એક થાય.

અવધૂતજીની મંજૂરી માગી.
અવધૂતજીએ દેવનો ઉત્સવ ઉજવવાની હા તો કહી પરંતુ એની પરિપાટી- એના નિયમો સમજાવ્યા.
એ પરિપાટી કેવી હતી?

●

## (૨)
## ઉત્સવની પરિપાટી

પૂ. અવધૂત બાપજીએ દત્તજયંતી નિમિત્તે જીવનમાં સંસ્કારો દૃઢ થાય એવા નિયમો સમજાવ્યા.
દત્તજયંતી ઉજવવી એટલે શું? અને એ ઉત્સવ કેવી રીતે ઉજવવો?
દત્તભગવાનની જયંતી ઉજવીને આપણામાં પણ એમના ગુણો ઉતરવા જોઇએ.
દત્ત શબ્દનો અર્થ શું?
જેણે પોતાનું સર્વસ્વ- પોતાની જાત પણ આપી દીધી તે દત્ત.
સંસ્કૃત ભાષામાં આપવા માટે શબ્દ છેઃ ‘દા’. આ ‘દા’ શબ્દનું કર્મણી ભૂતકૃદંત દત્ત- અપાઇ ગયેલો- થાય.

હવે આપણા દેવ જ બધું આપી દેતા હોય તો પછી આપણે પણ આપવાનું જ હોય ને!!

પૂ.શ્રીએ દત્ત શબ્દના 'દ' અને 'ત્ત' ને સમજાવતા લખ્યું :

"દયા, દાન અરુ દમન હૈ દદ્દાકા યહ ભેદ,
તત્તા વિષયાધ્યાસ હૈ તાકો તુ કર ભેદ."

સામાન્ય રીતે લોકો પૈસા ઉઘરાવીને ઉત્સવ ઉજવતા હોય છે.

પૈસાદાર વ્યક્તિ પૈસાના જોરે પોતાનું વર્ચસ્વ જમાવતી હોય છે.

અવધૂતજીએ ઉત્સવના એવા નિયમો આપ્યા છે કે જેનાથી વ્યક્તિનું જીવન ઉદ્દાત્ત બને.

અવધૂતજીએ નિયમ આપ્યો કે આપણા દેવની જયંતી આપણે જ ઉજવવાની.

કોઈની પાસે ફંડ-ફાળો ઉઘરાવવાનો નહિ.

આપણી શક્તિ પ્રમાણે ખર્ચ કરવાનો.

ભવ્યતાને મહત્ત્વ નહિ આપવાનું પણ દિવ્યતાને મહત્ત્વ આપવાનું.

જરૂર પડે અને દેવકાર્ય માટે થોડું દેવું કરવું પડે તો કરવાનું, પણ માગવાનું તો નહિ જ.

'દેવનું કાર્ય દેવ કરે છે' એ સૂત્ર યાદ રાખવાનું.

શરૂઆતમાં થોડા માણસો અને થોડો ખર્ચ થતો.
પરંતુ પછી તો હજારો માણસો ભેગા થઈને દત્તજયંતી ઉજવતા.
ઘણો બધો ખર્ચ થતો.
પરંતુ નહિ માગવાનો નિયમ તો જળવાતો જ.
“જગત કે જગદીશ કોઈની પાસે માગવું નહિ.
માગનારની કિંમત નથી.
માગવા કરતા મરવું સારું.
લાંઘણ (ભૂખ્યા) હજો પણ માગણ ના હજો.”
આવી આવી વાતો દ્વારા અવધૂતજી જયંતીના ઉત્સવ દ્વારા સંસ્કાર ઘડતરનું કામ કરતા હતા.
નારેશ્વરમાં ઉજવાતી દત્તજયંતીનું દિવ્ય વાતાવરણ કેવું હશે?
અવધૂતજીની ઉપસ્થિતિમાં આ ઉત્સવ કેવી રીતે ઉજવાતો હશે?
જાત મહેનત ઝીંદાબાદ અને પોતાના પૈસાથી તેમજ પ્રભુના સ્મરણ સાથે ઉજવાતા દત્તજયંતી ઉત્સવની ઝલક જાણવા મળે તો?

•

## (૩)
## દત્તજયંતીની ઉજવણી

સંવત ૧૯૮૫માં ઉજવાયેલી દત્તજયંતીનો કુલ ખર્ચ ૩૬ રૂપિયા.

નાના પાયા ઉપર શરૂ થયેલા ઉત્સવનું ઝરણું પછી તો ધસમસતી મોટી નદીના સ્વરૂપનું થયું.

હજારો માણસો આ દત્તજયંતીના ઉત્સવમાં આવવા લાગ્યા.

ભવ્યતા વધી પણ દિવ્યતા તો એવીને એવી જ.

એમાં વધારો થાય તેવા નિયમો ઘડાયા.

દત્તજયંતી નિમિત્તે માગવાનુ નહિ.

એટલું જ નહિ પણ દત્તજયંતીના પંદર દિવસ પહેલા કોઈ સ્વેચ્છાએ પૈસા આપે તો પણ લેવાના નહિ.

કારતક માસ પૂરો થાય એટલે નાણાંનો સ્વીકાર બંધ.

દેવે જેની સંપત્તિ વાપરવી હોય તેને પ્રેરણા કરે અને તે કારતક પૂરો થતાં પહેલાં પોતાની ઈચ્છા અને શક્તિ પ્રમાણે રકમ આપે.

કોઈ પર દાબ-દબાણ નહિ.

ખર્ચ ખૂબ થાય અને આવક ઓછી થાય તો શું?

તો સમજવાનું કે દેવની ઈચ્છા નથી.

ઉત્સવ બંધ કરી દેવાનો.
દેવની ઈચ્છા હોય અને આપણને નિમિત્ત બનાવીને ઉત્સવ ઉજવાવતા હોય તો ખર્ચ અને આવક સરભર થાય અથવા આવક વધારે થાય.
આવી દેવનિષ્ઠા! આવી દિવ્યનિષ્ઠા.
આવક અને ખર્ચનો પાઈએ પાઈનો હિસાબ રાખવાનો.
હિસાબ ચોખ્ખો ચટ પણ જાહેરાત નહિ કરવાની.
ફાળો આપનાર પોતાના કલ્યાણ માટે ફાળો આપે છે.
એ કોઈના પર ઉપકાર કરતો નથી.
સાત્ત્વિક દાન કોને કહેવાય તે અવધૂતજીએ સમજાવ્યું.
આસો વદ બારસ- વાઘબારસ એટલે ગુરુદ્વાદશી.
એ દિવસે ભક્તો ભેગા થાય.
માગસર સુદ પૂનમ- દત્તજયંતીનો વિચાર થાય અને તૈયારી શરૂ થાય.
પોતાની શક્તિ પ્રમાણે, પોતાના ગામના ઘરે ઘરે પૂર્વે તૈયારીઓ થાય.
પછી નારેશ્વરમાં અનાજની સાફસૂફી થાય અને અનાજ દળાય.
મરી-મસાલા તૈયાર થાય અને આ બધું પણ ભગવાનનું નામ લેતા લેતા.
ઘરમાં લગ્નનો પ્રસંગ હોય ત્યારે બધા કેવા ભેગા મળીને આનંદથી કામ કરે? આ તો દેવનો ઉત્સવ અને દેવની

હાજરીમાં ઉત્સવ.

આ તૈયારીઓ ચાલુ હોય અને માગસર સુદ ચૌદસ આવી જાય એટલે દત્તજયંતીના નગારા વાગવા માંડે. આવતી કાલે વહેલી સવારે તો નારેશ્વરમાં સ્વર્ગ ઉતરી પડશે અને બધા દેવ-દેવીના રૂપમાં મહાલવા માંડશે. ઉત્સવની ઉજવણી માણવા માંડશે.

દત્તજયંતીની ઉજવણીનો કાર્યક્રમ શું હોય?

•

## (૪)
## દત્તજયંતીનો કાર્યક્રમ

દત્તજયંતી ચતુર્દશીયુત પૂર્ણિમાને દિવસે.

ચૌદસ ઉપર પૂનમ અને પ્રદોષ સમય.

ઢળતી સાંજે પ્રભુનું પ્રાગટ્ય થાય.

ઢળતા સૂર્યના સોનેરી કિરણો ઉગતા ચંદ્ર ઉપર પડતા હોય ત્યારે દત્તજયંતીની ઉજવણી થાય.

બધા ભક્તો વહેલી સવારે ચાર વાગે ઊઠી જાય. નિત્યકર્મમાંથી છ વાગ્યા સુધીમાં પરવારી જાય.

બરાબર છના ટકોરે પૂ.શ્રી ‘ઊઠ અઘભંજના દત્તમુનિરંજના’ વાળું પ્રભાતિયું ગવરાવીને ઉત્સવની શરૂઆત કરતા.

પ્રભાતિયું પૂ રું થાય એટલે 'આનંદવાજા વાગે ગગનમાં' એ આરતી થાય.

પછી અવધૂતજી રંગહૃદયંનું 'દત્તભજનમ્' ગવરાવે અને સ્નાનાદિથી પવિત્ર થઈને આવેલા હજારો ભક્તો એ ઝીલે.

જ્યારે હજારો ભક્તો એક સૂરે દત્તભજનમ્ ઝીલતાં હશે ત્યારે વાતાવરણ કેવું દિવ્ય બની જતું હશે?

દત્તજયંતી હોવાથી પૂ.શ્રી સ્વરચિત દત્તપ્રણતિના ૨૧ શ્લોકો ગવરાવે અને ભક્તો ઝીલે.

આ દત્ત પ્રણતિમાં ચાર લીટીનો એક એવા ૨૧ શ્લોકો છે.

દરેક શ્લોકની છેલ્લી પંક્તિ 'દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ' એ ધ્રુવ પંક્તિ.

આ બધું અર્ધો કલાક ચાલે.

સાડા છ થાય એટલે પછી ધૂનનો કાર્યક્રમ શરૂ થાય.

દત્તપંચપદીમાં આપેલી ધૂનો પૈકી નક્કી કરેલી ધૂનો નક્કી કરેલા ક્રમમાં એક એક કલાક ગવાય.

હાર્મોનિયમ, તબલા, કરતાલ અને મંજીરાના તાલે અને ગાયકોના મધુર કંઠે ધૂન ગવાય અને પછી હજારો ભક્તો દ્વારા ઝીલાય એ કલ્પના જ મનને ડોલાવી દે છે.

સવારના સાડા છથી શરૂ થયેલી આ ધૂનનો કાર્યક્રમ સાંજના સાડા પાંચ સુધી ચાલે.

સૂર્ય ઢળવા માંડે અને ચંદ્રનો ઉદય થતો હોય ત્યારે દત્તપ્રભુનો જન્મ થાય.

પંડિતો વેદઘોષ કરે, મંત્રોચ્ચાર કરે.

અબીલ-ગુલાલ ઊડે.

હાલરડાં ગવાય અને એ રીતે દત્તજન્મનો ઉત્સવ ઉજવાય.

દત્તજયંતીના દિવસે બધા ભક્તો ઉપવાસ કરે.

દત્તજયંતીની રાત્રે ભજન અને બીજે દિવસે પારણા થાય.

આ ઉત્સવનું પૂજન-અર્ચન, ભજન-કીર્તન વગેરેની વિગતોનું વર્ણન હવે પછી.

●

# (૫)
# દત્તપ્રભુનું પૂજન

માગસર માસની કડકડતી ઠંડી.
નર્મદાનો કિનારો.
ઠંડા પવનનો સુસવાટો અને એવા વાતાવરણમાં ભક્તો વહેલી સવારે ચાર વાગે ઊઠી નર્મદાના ઠંડા પાણીમાં સ્નાન કરે.
મનમાં જ્યારે ઉત્સાહ હોય, પૂજ્યશ્રીના દર્શનની હૂંફ હોય અને હજારો લોકોનો મેળો જામ્યો હોય ત્યારે શરીર પણ ઠંડા પાણીમાં આનંદપૂર્વક સ્નાન કરતું હોય.
મન મજબૂત તો શરીર સાબૂત.
આખું સ્થાન ધજાપતાકાના શણગારથી શોભતું હોય.
ભક્તોના મહેરામણથી મંડપ ભરાઈ ગયો હોય.
આ મંડપમાં ભગવાન દત્તાત્રેયની ઓકના પાટિયામાંથી તૈયાર થયેલી મૂર્તિ હોય.
દત્તપ્રભુની પાછળ ગાયની પ્રતિમા હોય અને આગળ વેદના પ્રતિક સમા ચાર કૂતરા પણ હોય.
મૂર્તિની આજુબાજુ આસોપાલવ અને ઔદુંબરના વૃક્ષોની વ્યવસ્થા હોય.
મઝાની રંગોળી પૂરી હોય.

ગાય પાસે લીલાછમ ઘાસની વ્યવસ્થાના ભાગરૂપે જવારા ઉગાડવામાં આવ્યા હોય અને એવામાં છ વાગે એટલે પૂજ્યશ્રી આવી પહોંચે.

પરંતુ સવારની કડકડતી ઠંડીમાં પણ પૂજ્યશ્રી લંગોટભેર જ હોય અને આવીને ભગવાનનું પૂજન કરે.

અવધૂતજી પૂજન કરે એટલે મૂર્તિમાં જાણે પ્રાણ રેડી દીધો.

મૂર્તિ જીવંત બની જાય. દત્તાત્રેયની મૂર્તિ દિવ્ય બની જાય.

પ્રભાતિયું, આરતી અને દત્તપ્રણતી પછી ધૂન શરૂ થાય.

બપારેના સમયે અવધૂતજી પોતે મધુર હલકે ધૂન ગવરાવે.

મંડપ તો ખીચો ખીચ ભરાયલો હોય.

લોકોને ધૂનની એવી તો ધૂન ચઢે કે આનંદનો સાગર રેલાય.

સાંજે દત્ત જન્મ પછી વેદઘોષ, હાલરડાં થાય.

પછી આખી રાત ભજનમંડળીઓ વારાફરતી ભજનો કરે.

રંગના દરબારમાં ભજનની રંગત કંઈ ઓર જ હોય ને!

રાત્રે ત્રણ સુધી સમૂહ ભજન રાસના રૂપમાં થાય અને પછી ત્રણથી પાંચ તંબૂરા સાથેના ભજન શરૂ થાય.

આ દરમ્યાન ભક્તો અનુકૂળતા પ્રમાણે થોડો આરામ કરી લે અને સ્નાનાદિથી પરવારીને સવારે પાંચ વાગ્યા

સુધીમાં આવી જાય.
પાછું વહેલી સવારે પ્રભાતિયાં ગવાય.
ભગવાનની આરતી થાય અને એ રીતે ચોવીસ કલાકની ઉત્સવની ઉજવણી પૂરી થાય.
હવે આજે ભક્તો પારણા કરશે.
બધા ભક્તો નર્મદા પર જઈ રસોઈનું પાણી લાવે.
'દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા'ની ધૂન નર્મદાના કિનારે પણ થતી હોય, રસોડામાં પણ થતી હોય અને મહાપ્રસાદ વખતે- પારણા વખતે મંડપમાં પણ થતી હોય.
સ્વકષ્ટાર્જિત અન્નનો સ્વાદ અનેરો હોય છે.
જાત મહેનતથી રસોઈ કરવાની.
જાતના પૈસે ઉત્સવ ઉજવવો અને એ રીતે ત્યાગની ભાવના, સેવાની ભાવના, પૈસા સદ્‌માર્ગે વાપરવાની ભાવના વિકસતી.
દેવને પૂજીને ધીરે ધીરે દેવત્વ પામવાની આ ગુરુકૂંચી હતી.
આ રીતે નારેશ્વરમાં વીસ વર્ષ સુધી દત્તજયંતી ઉજવાઈ.
સંવત ૧૯૮૫થી શરૂ થયેલી આ ઉજવણી સંવત ૨૦૦૪ સુધી અતૂટ રીતે ચાલી.
પછી અવધૂત બાપજીએ એક ગજબની જાહેરાત કરી અને ત્યારથી દત્તજયંતીની ઉજવણીમાં ફેરફાર આવ્યો.

●

## (૬)

## અવધૂતની અજબની આચાર પદ્ધતિ

સંવત ૨૦૦૪ની દત્તજયંતી.

જનતા જનાર્દનનો મહા મહેરામણ ઉમટ્યો.

ગામડાં બધા ખાલી થતા અને નારેશ્વરની ભૂમિ પર ઠલવાતાં.

અવધૂતજીને થયું કે ક્યાં ૩૬ રૂપિયામાં ઉજવાયેલી દત્તજયંતી અને ક્યાં આજની દત્તજયંતી?

લોકોના ટોળેટોળાં આવે એટલે કેટલાક પ્રશ્નો ઊભા થાય.

ભવ્યતા વધે પણ દિવ્યતા ઘટે.

દેવનો ઉત્સવ પછી મેળામાં રૂપાંતર પામે.

પવિત્રતા, ભાવ અને ભક્તિના સ્થાને લટાર મારવાની વૃત્તિવાળા પણ જોડાય.

આનંદની પ્રાપ્તિને બદલે મોજમજા માણવાની વૃત્તિ આવતી જાય.

અવધૂતજીની નજરમાંથી ભૂષણ અને દૂષણ બંને છટકી ના શકે.

વળી દૂર દૂરથી આટલા બધા ભક્તો એક સ્થળે આવે એના કરતાં દૂર દૂર ગામ સુધી ઉત્સવની ઉજવણી થવા માંડે તો કેવું?

ગામોગામ દત્તજયંતી ઉજવાય તો લોકોનો આવવા જવાનો સમય બચે, ગાડી ભાડાનો ખર્ચ પણ બચે અને એ ગામમાં દત્તભક્તિના બીજ વવાય.

દત્તને માનનારા ભક્તો નારેશ્વરમાં ભેગા થાય એના કરતાં દરેક ગામમાં દત્તને માનનારા ભક્તો બીજાને ભેગા કરી ઉત્સવ ઉજવે તો એની સાચી ઉજવણી થયેલી ગણાય.

બસ! સંવત ૨૦૦૪ની દત્તજયંતીના ઉત્સવની સમાપ્તિમાં અવધૂતજીએ નિર્ણય જાહેર કરી દીધો.

નિર્ણય શો હતો?

એમણે કહ્યું કે આવતા વર્ષથી દત્તજયંતી ઉપર હું નારેશ્વરમાં નહિ રહું.

જુદા જુદા ગામોમાં દત્તજયંતીનો ઉત્સવ કરો.

મને ભગવાન પ્રેરણા કરશે તે ગામમાં હું દત્તજયંતી પર હાજર રહીશ.

બધાએ આનંદ સાથે આંચકો પણ અનુભવ્યો.

હતો આનંદ હૈયામાં પરંતુ આંખ રડતી'તી એવા બંને વિરોધાભાસી અનુભવો થયા.

સંવત ૨૦૦૫- ઈ.સ. ૧૯૪૮ની દત્તજયંતી આવી.

અવધૂત બાપજી કયા ગામે જશે?

કોઈને ખબર નથી.

દરેકને એમ લાગવા માંડ્યું કે આપણા ગામે જ આવશે. નજીકના ગામડાવાળાને પણ એવું લાગે અને દૂરના શહેરવાળાને પણ એવું લાગે.

ગામોગામ આસોપાલવના તોરણ બંધાયા.

ગામમાં સાફસૂફી થઇ.

પાણી છંટાયા.

રંગોળીઓ પૂરાઇ અને બધા ઉત્સવની ઉજવણીમાં લાગી ગયા.

હાથ-પગ કામ કરે પણ આંખ તો અવધૂતની મીટ માંડીને રાહ જુએ.

કોઈને ખબર ના પડે એ રીતે અવધૂત એક ગામે પહોંચી ગયા.

ક્યા ગામે?

આંબે આવ્યા મોર,
વાર્તા કરીશું પોર.

●

# (૭)

## શ્રીગુરુલીલામૃત ગ્રંથની રચનાનો આદેશ

દેવના દૃષ્ટાંતો અને સ્વપ્નાદેશની સ્મૃતિ આનંદ આપતી રહી.

આઠમા વર્ષે પોથી વાંચનો આદેશ.

ચોવીસમા વર્ષે દત્તપુરાણનાં ૧૦૮ પારાયણનો આદેશ અને ઓગણત્રીસમે વર્ષે દક્ષિણમાં ગાંડાને મળવા જા. 'ગાંડો તારી રાહ જુએ છે'નો આદેશ.

આ બધા આદેશો પાછળ દેવની યોજના શું છે એનો ઘટસ્ફોટ નર્મદાની પ્રથમ પરિક્રમા પૂર્ણ થતાં જ થયો.

નર્મદાની પરિક્રમા બે તબક્કામાં થઇ.

બીજો તબક્કો નારેશ્વરથી ગરુડેશ્વર, કેવડિયા કોલોની, શૂળપાણેશ્વર થઇને મોરટક્કાએ પૂરો થયો.

નર્મદા પરિક્રમા પૂરી થઇ એટલે ભરૂચ ગયા.

શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ છપાવ્યો.

પૂ.ગાંડા મહારાજને જઇને ગ્રંથની સોંપણી કરી દેવનું કામ પૂરું કર્યું.

જુલાઇ, ૧૯૨૯માં અવધૂતજી સરખેજ પધાર્યા.

સરખેજ ગામની બહાર રતનલાલ મહાત્માની જામફળીમાં મુકામ કર્યો.

દેવની યોજના કેવી વ્યવસ્થિત હતી તેનો ઘટસ્ફોટ થયો.
સમર્થ સદ્‌ગુરુ સ્વામી મહારાજ સ્વપ્નમાં આવ્યા.
દત્તપ્રભુ અને તેના અન્ય અવતારોના ચરિત્રનો અમૃતકુંભ પૂજ્યશ્રીના હાથમાં મૂક્યો.
સ્વપ્નમાં કહ્યું કે આ ચરિત્રામૃત તું જાતે પી અને પછી બીજાને પીવાડ.
આ ચરિત્રામૃત પાનથી દૈન્ય રહેશે નહિ અને મોત પણ રાડ પાડી દેશે.
આનું પાન કરીને મોજકર અને મસ્તીમાં મસ્ત થઈને ફર.
અવધૂતજીએ આજ્ઞા માથે ચઢાવી.
સંસ્કૃત ભાષામાં ગ્રંથ રચવાની ઈચ્છા થઈ.
ગુરુમહારાજે સ્વપ્નમાં ના કહી.
સંસ્કૃત ભાષાનો ગ્રંથ કોણ વાંચશે?
અવધૂતજીએ સંસ્કૃતને બદલે ગુજરાતીમાં લખવાનું નક્કી કર્યું.
આ ગ્રંથની પદ્યરચના ઓંવી છંદમાં કરવાનું વિચાર્યું.
ગુરુમહારાજે ફરી પાછું સ્વપ્નમાં કહ્યું કે ગુજરાતના લોકોને આ મરાઠી છંદ નહિ ફાવે.
બસ! દેવની આજ્ઞા માથે ચઢાવી અવધૂતજીએ ગુજરાતી ભાષામાં અને દોહરા છંદમાં ગ્રંથ રચવાનું નક્કી કર્યું.

દેવે કરેલી આજ્ઞાને માથે ચઢાવીને ગ્રંથ રચવાનું નક્કી કર્યું ત્યાં હૃદયની શુદ્ધિ માટે અનુષ્ઠાન કરવાની પ્રેરણા થઇ.

પોતાના સદ્ગુરુ મહારાજ વિરચિત મરાઠી 'સપ્તશતી' નામના ગ્રંથનું ગુજરાતીમાં પદ્યમાં રૂપાંતર કર્યું.

આ રૂપાંતર ઓવીં છંદમાં જ કર્યું.

સ્વયં દત્તાવતારી હોવા છતાં અનુષ્ઠાન કરીને આપણને અંતઃકરણની શુદ્ધિ માટે અનુષ્ઠાન કરવાનો બોધ આપ્યો.

•

## (૮)
## શ્રીગુરુલીલામૃત ગ્રંથની પૂર્વ તૈયારી

સંસ્કૃત જાણનારા માટે શ્રીમદ્ ભાગવત ગ્રંથ છે.

અવધભાષી-હિન્દીભાષી માટે તુલસીકૃત માનસ રામાયણ છે.

પરંતુ ગુજરાતની પ્રજા માટે ગુજરાતી ભાષામાં રચાયો હોય એવો કોઇ ઔપાસનિક ગ્રંથ ન હતો.

ગુજરાતમાં દત્તભક્તિનો ફેલાવો ઓછો હતો અને દત્તપ્રભુ અને તેના અન્ય અવતારો વિશેની પ્રમાણભૂત

માહિતી ઓછી ઉપલબ્ધ હતી એટલે ભગવાને દત્ત ભાગવત જેવો ગ્રંથ રચવાનો એમને આદેશ કર્યો. અવધૂત બાપજી સ્વામીમહારાજને દત્તાવતારી ગણતા હતા, દત્તનો અવતાર માનતા હતા.

જ્યારે ભરૂચમાંથી દત્તપુરાણનો ગ્રંથ મળ્યો ત્યારે એમણે મિત્ર અંબાલાલભાઈને લખેલા પત્રમાં એમ જ લખ્યું કે:

"મેં તો સ્વામીજીનો-દત્ત મહારાજનો પ્રસાદ જ માની લીધો."

સ્વામીમહારાજે સ્વપ્નમાં દર્શન આપ્યા.

દર્શન આપીને આદેશ કર્યો.

અવધૂતજીના હાથમાં ચરિતામૃતનો ઘટ (ઘડો) મૂક્યો. અને ગ્રંથ રચવાની આજ્ઞા કરી એનો ઉલ્લેખ શ્રીગુરુલીલામૃત ગ્રંથના પહેલા અધ્યાયમાં દોહરા નં. ૯૨ થી ૯૪માં જોવા મળે છે.

સ્વામીમહારાજના દર્શન અંગેનું વર્ણન કરતું ભજન પણ લખ્યું.

ભજનના બોલ હતા:

"ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સીધાવ્યા."

પૂ.શ્રી સ્વામીમહારાજને દત્તપ્રભુ ગણતા હતા તેનો ખ્યાલ આ ભજનની નીચેની પંક્તિ દ્વારા મળે છે.

બ્રહ્મા હરિહર મૂર્તિ મનોહર, દંડ કમંડલુ શોભિત વર કર
કંથા કૌપીન અક્ષમાલ ધર, સુરવર ધાયા. ...વિઘ્નો.

બ્રહ્મા, હરિ અને હર એ દ્વારા દત્તાત્રેયનું સૂચન કરી પછી સ્વામીમહારાજનું જ વર્ણન કર્યું.

બે હાથ. એકમાં દંડ અને બીજામાં કમંડલ.

અને કંથા, કૌપીન અને અક્ષમાળનું વર્ણન કરી સ્વામીમહારાજ દત્ત જ છે એવી એમની ભાવના સ્પષ્ટ કરી.

સ્વામીમહારાજે ફક્ત દર્શન નથી આપ્યા.

અવધૂતજી સાથે વાત પણ કરી છે એ સૂચવતી પંક્તિ લખી.

એ પંક્તિ હતી:

વાણી સુધાસમ શી મધુરી આ, જાણે કુસુમો મુખદ્રુમ ખરિયા,
ચિંતા દૈન્ય ઉપાધિ ટળિયા મનસુખ પામ્યા... વિઘ્નો.

આ ભજનની રચના પછી સપ્તશતી મરાઠીનું ગુજરાતીમાં પદ્યરૂપાંતર કર્યું.

સપ્તશતી એટલે સાતસો.

સાતસો ઓંવીમાં સ્વામીમહારાજે શ્રીગુરુચરિત્રની કથા મરાઠી ભાષામાં વર્ણવી હતી.

આ ગુરુચરિત્ર એટલે પોથી.
સ્વામીમહારાજે મરાઠી ભાષામાં રચેલી આ કૃતિનું ગુજરાતીમાં ઓંવીમાં પદ્યરૂપાંતર કર્યું.
આ સપ્તશતીની રચનામાં સ્વામીમહારાજે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પંદરમો અધ્યાય વણી લીધો હતો.
એ જ રીતે પૂજ્યશ્રીએ પણ પંદરમો અધ્યાય વણી લીધો જ છે.
ગ્રંથની રચના પહેલા સપ્તશતીનો સમનુવાદ કેમ કર્યો એની સ્પષ્ટતા પણ અવધૂતજીએ કરી છે.
પોતાના હૃદયની કેવળ શુદ્ધિ માટે આ અનુષ્ઠાન કર્યું હતું.
એમણે સપ્તશતીમાં લખ્યું કે:
"એક ભક્તિથી પ્રેરિત ॥ લેખને થયો ઉદ્યુક્ત ॥
કેવળ હૃચ્છુદ્ધિ માટ ॥ ભાટ હું તો શ્રીગુરુનો."
હૃચ્છુદ્ધિ એટલે હૃદયની (હૃદ્)શુદ્ધિ.
કેવી નમ્રતા અને ઉપાસનામાં કેવી નિષ્ઠા તથા પવિત્રતા.
પોતે દત્તાવતારી હોવા છતાં સામાન્ય વ્યક્તિની જેમ વર્ત્યા અને આપણને ઘણું બધું શીખવ્યું.

**સાચે જ કહેવાયું છે કે:**

**અસામાન્ય હોવા છતાં સામાન્ય બનીને જીવવું એ ખૂબ અસમાન્ય છે.**

It is good to be important,
But it is more important to be good.

**સરળ જીવવું મુશ્કેલ છે.**

**મુશ્કેલી સર્જનાર તરીકે જીવવું ખૂબ સરળ છે.**

●

## (૯)
## શ્રીગુરુલીલામૃત ગ્રંથ વિશે

દેવની આજ્ઞાથી દેવપુરુષે લખેલો ગ્રંથ એટલે શ્રીગુરુલીલામૃત ગ્રંથ.

આ ગ્રંથની શરૂઆત સરખેજમાં થઇ અને એની સમાપ્તિ નારેશ્વરમાં થઇ.

સંવત ૧૯૮૮ના આસો વદ બારસે- વાઘ બારસે એટલે કે ગુરુદ્વાદશીના રોજ તા. ૨૬-૧૦-૧૯૩૨ના રોજ ગ્રંથની સમાપ્તિ થઇ.

સરખેજમાં ૩૧ અધ્યાય એટલે કે મદાલસાના આખ્યાન સુધી લખાયું અને પછીના અધ્યાયો નારેશ્વરમાં લખાયા.

શ્રીગુરુલીલામૃતમાં ત્રણ કાંડ છે.
જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસના કાંડ.
પહેલો જ્ઞાનકાંડ છે જેના અધ્યાય ૧ થી ૫૫ છે.
બીજો કર્મકાંડ છે જેના અધ્યાય ૫૬ થી ૧૦૫ સુધી છે અને છેલ્લો કાંડ ઉપાસના કાંડ છે જેના અધ્યાય ૧૦૬ થી ૧૪૭ સુધી છે.
છેલ્લા અધ્યાયમાં એટલે કે ૧૪૮માં અધ્યાયમાં ગ્રંથના બધા અધ્યાયનો સાર છે.
ગ્રંથમાં કુલે ૧૯૦૦૫ દોહરા છે.
સ્તોત્ર, હાલરડાં અને ગીતો વધારામાં.
જ્ઞાનકાંડના ૧ થી ૫૫ અધ્યાયના ૭૨૮૦ દોહરા છે.
એમાં દત્તભગવાનની લીલાનું વર્ણન છે.
કર્મકાંડનાં ૫૬ થી ૧૦૫ સુધીના અધ્યાયમાં ૬૭૭૨ દોહરા છે.
એમાં શ્રીપાદવલ્લભ અને નૃસિંહ સરસ્વતીની લીલાનું વર્ણન છે.
ઉપાસના કાંડના ૧૦૬ થી ૧૪૭ અધ્યાયમાં ૪૬૭૭ દોહરા છે. અને એમાં અવધૂતજીના ગુરુમહારાજ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજની લીલાનું વર્ણન છે.
૧૪૮મા અધ્યાયમાં ગ્રંથના બધા અધ્યાયોનો-

૧ થી ૧૪૭ અધ્યાયનો સાર છે અને એ અધ્યાયના ૨૭૬ દોહરા છે.

આમ ઉપાસના કાંડના કુલ ૪૯૫૩ (૪૬૭૭+૨૭૬) દોહરા છે.

આ ગ્રંથનું સાત દિવસમાં પારાયણ કરનારે પહેલા દિવસે ૧ થી ૧૯ અધ્યાય, બીજા દિવસે ૨૦ થી ૪૦ અધ્યાય, ત્રીજા દિવસે ૪૧ થી ૬૨ અધ્યાય, ચોથે દિવસે ૬૩ થી ૮૪ અધ્યાય, પાંચમે દિવસે ૮૫ થી ૧૦૩ અધ્યાય, છઠ્ઠા દિવસે ૧૦૪ થી ૧૨૭ અધ્યાય અને છેલ્લા દિવસે- સાતમા દિવસે ૧૨૮ થી ૧૪૮ સુધીના અધ્યાય વાંચવાના હોય છે.

સામાન્યત: કર્મ, ઉપાસના અને જ્ઞાન એવો ક્રમ હોય છે, પણ અહીં ક્રમ બદલાયો છે.

નિષ્કામ કર્મ દ્વારા ચિત્ત શુદ્ધિ, ઉપાસના દ્વારા વિક્ષેપ દૂર કરવો અને જ્ઞાન દ્વારા આવરણનો નાશ કરવાનો હોય છે.

પરંતુ શ્રીગુરુલીલામૃતમાં દત્તપ્રભુ એ જ્ઞાનના અવતાર છે એટલે પહેલો જ્ઞાનકાંડ છે.

દત્તભગવાને કોઈને માર્યા નથી. બધાનો ઉદ્ધાર જ્ઞાન દ્વારા જ કર્યો છે.

એમનો અવતાર ચિરંજીવી છે એટલે એમની પ્રાગટ્ય લીલાનું વર્ણન છે પરંતુ એમની તિરોધાન લીલાનું વર્ણન નથી.

ભગવાન રામ તથા ભગવાન કૃષ્ણ સ્વધામ ગયાની વાત રામાયણ તથા ભાગવતમાં આવે છે.

આવી સ્વધામ ગયાની કોઈ વાત દત્તપ્રભુના સંદર્ભમાં આવતી નથી.

હે બાળકો! આ ગ્રંથ એવો તો દિવ્ય છે કે મોટા થઈને તમે જરૂરથી પારાયણ કરીને એનો લાભ લેજો.

•

## (૧૦)
## શ્રીગુરુલીલામૃત ગ્રંથની દિવ્યતા

શ્રીગુરુલીલામૃત ગ્રંથ દેવના આદેશથી, દેવની પ્રેરણાથી રચાયેલો ગ્રંથ છે.

પોતે તો કઠપૂતળી છે અને દેવ લખાવે તેમ લખું છું એવું પહેલા અધ્યાયના છપ્પનમાં દોહરામાં કહ્યું છે.

સમાધિભાષામાં રચાયેલો આ ગ્રંથ અતિ દિવ્ય છે.

અલખ-નિરંજનના સંવાદના રૂપમાં આ ગ્રંથની રચના છે.

પ્રભુ પ્રાપ્તિનો તલસાટ અનુભવતો નિરંજન નામનો બ્રાહ્મણ ગિરનાર પર્વત ઉપર દત્તપ્રભુના દર્શન થશે એવી આશાથી નીકળ્યો છે.

રસ્તામાં મૂર્છિત થઈને પડે છે.

મૂર્છાવસ્થામાં એને જે દેવપુરુષના દર્શન થાય છે તે જ દેવપુરુષને ભાનમાં આવતાં પોતાની આંખ સામે જુએ છે અને પછી સંવાદ શરૂ થાય છે.

આ દેવપુરુષ એ જ અલખ છે.

અલખ એટલે અલક્ષ- લક્ષથી પર અને નિરંજન એટલે માયાના અંજન વિનાનો.

આ ગ્રંથ ભગવાન લખાવે છે એની એક સાબિતી ૭મા અધ્યાયના ૭૭મા દોહરામાં મળી.

શાંડિલીનીનો પતિ કહેવા પૂરતો જ બ્રાહ્મણ છે.

એ વેશ્યાના ઘરે પડી રહેનાર અને વિવિધ વ્યસનોમાં રત રહેનારો છે.

આવા લંપટ બ્રાહ્મણ માટે પૂજ્યશ્રીથી દ્વિજવર શબ્દ વપરાયો.

દોહરો લખાયા પછી પૂજ્યશ્રીને વિચાર આવ્યો કે બ્રાહ્મણ તો લંપટ છે, વિષયી છે અને દ્વિજવરનો અર્થ તો ઉત્તમ (વર) બ્રાહ્મણ (દ્વિજ) થાય.

આવા લંપટ બ્રાહ્મણને ઉત્તમ કેમ કહેવાય?

પછી વિચાર આવ્યો કે મેં તો દેવે લખાવ્યું તે લખ્યું છે.

એમણે શબ્દકોષ ખોલીને ‘વર’ શબ્દના અર્થ જોયાં.

‘વર’ શબ્દના ઘણા અર્થો હતા જેમાં છેલ્લો અર્થ હતો ‘લંપટ’.

આમ ‘વર’ શબ્દનો ‘લંપટ’ અર્થ જોઇને અવધૂતજીને ખૂબ આનંદ થયો.

ગ્રંથની દિવ્યતાની એક વધુ સાબિતિ મળી.

અવધૂતજીને સંસ્કૃતમાં ગ્રંથ રચવાની ઇચ્છા થઇ હતી પણ દેવનો આદેશ સ્વીકારીને ગુજરાતી ભાષામાં ગ્રંથ રચ્યો.

સંસ્કૃતમાં ગ્રંથ રચવાની ઇચ્છાની પૂર્તિ દરેક અધ્યાયને અંતે આવતી પુષ્પિકા સંસ્કૃતમાં લખીને કરી.

પુષ્પિકાનો એક નમૂનો :

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદ બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ વિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખ નિરંજન સંવાદે શિષ્યવ્યાકુલતા વર્ણનં નામ પ્રથમોઽધ્યાયઃ સમાપ્તઃ ।

ગ્રંથ રચવા અંગેની બીજી ઇચ્છા ઓંવી છંદમાં રચના કરવાની હતી.

પણ દેવે ના કહી એટલે અવધૂતજીએ દોહરા છંદમાં રચના કરી.

આ ઓંવી છંદની ઇચ્છાની પૂર્તિ દરેક કાંડની પ્રસ્તાવના ઓંવી છંદમાં લખીને કરી.

જ્ઞાનકાંડની પ્રસ્તાવનાની એક ઓંવીનો નમૂનો:

"મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ || ન થઇ તિહાં અહં સ્ફુરણ ||
એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ || તદધ્યક્ષ શ્રીદત્ત ||"

કર્મકાંડ છપાવવા માટે મુ. મોદીકાકાને કર્મકાંડનું લખાણ આપ્યું પરંતુ મોદીકાકા થોડાંક ડગલાં ગયા ત્યાં અવધૂતજીએ પાછા બોલાવ્યા અને કહ્યું કે દેવની વંદના કરવાની તો રહી ગઇ અને પૂ.શ્રીએ કર્મકાંડની પૂર્વે વંદના મૂકી.

વંદનાના શબ્દો હતા :

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો,
વિક્ષેપ દૂર થઇ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો.

અવધૂતજીએ ૧૯૦૦૫ દોહરાનો આવો દિવ્ય ગ્રંથ રચ્યો હતો પણ એ અંગેની જાણ ખૂબ ઓછી વ્યક્તિને થઇ હતી.

ગમે તેવા પૈસાથી ગ્રંથ ન છપાવવો એ સંકલ્પ.

દેવનું કામ દેવ કરે છે એ ન્યાયે ગ્રંથ રચાયાના બે વર્ષે પૂ. મૂળીફોઇના પૈસાથી સંવત ૧૯૯૦ના

વિજયાદશમીના રોજ જ્ઞાનકાંડ છપાયો. દેવપુરુષના દિવ્યગ્રંથની દિવ્ય રચનાની વાતો સાંભળીએ એ તો સારું જ છે પણ વહેલી તકે એનું પારાયણ કરીએ અને ગુરુપરાયણ બનીએ.

●

## (૧૧)
## જ્ઞાનકાંડની કથાવસ્તુ

શ્રીગુરુલીલામૃત ગ્રંથમાં દત્તભગવાન અને એમના અવતારોની લીલાનું વર્ણન છે.

જ્ઞાનકાંડમાં દત્તભગવાનની લીલાનું વર્ણન છે.

કુલ અધ્યાય ૫૫ અને દોહરા ૭૨૮૦ છે.

દત્તપુરાણને આધારે આ કાંડની રચના છે.

પહેલા અધ્યાયમાં શ્રીગણેશ, શારદામાતા, સદ્‌ગુરુ, સંતો અને માત-પિતાની વંદના છે.

પછી ગ્રંથનો હેતુ અને નિરંજનની પ્રભુ-દર્શનની વ્યાકુળતાનું વર્ણન છે.

બીજા અધ્યાયમાં અલખ ગુરુના દર્શન અને ચાર યુગનું વર્ણન છે.

ત્રીજા અધ્યાયમાં દીપક નામના શિષ્યએ પોતાના ગુરુની કરેલી સેવાનું આખ્યાન છે.
ચોથા અધ્યાયમાં અંબરીષ રાજાનું આખ્યાન અને નવધા ભક્તિનું વર્ણન છે.
નવધા ભક્તિ એટલે નવ પ્રકારની ભક્તિ.
શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન એવી નવ પ્રકારની ભક્તિ છે.
અધ્યાય પાંચ અને છમાં અત્રિ-અનસૂયાનું વર્ણન છે અને અનસૂયાનું સત્ત્વહરણ કરવા દેવીઓએ ત્રણે દેવને મોકલ્યા એની કથા છે.
સાતમા અધ્યાયમાં શાંડિલીની નામની સતી સ્ત્રીની એકનિષ્ઠ પતિભક્તિની કથા છે.
આઠમા અધ્યાયમાં દત્તપ્રભુનું પ્રાગટ્ય થાય છે.
નવમા અધ્યાયમાં દત્તપ્રભુએ અવધૂત વેશે પ્રહ્લાદ, પિંગલ વગેરેને આપેલા ઉપદેશની કથા છે.
અધ્યાય ૧૦ થી ૨૪ સુધી સહસ્રાર્જુનની કથા છે અને એ દ્વારા અષ્ટાંગ યોગ તથા જ્ઞાનની સાધનાની ચર્ચા છે.
અધ્યાય ૨૫ થી ૨૭માં પરશુરામ દ્વારા જમદગ્નિની ઉત્તરક્રિયા, એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિય વિહોણી

કરવાની પ્રતિજ્ઞા અને પરશુરામ દ્વારા પાપના પ્રાયશ્ચિત્તની કથા છે.

અધ્યાય ૨૮માં ઋતુધ્વજની મદાલસા સાથે લગ્નની કથા છે.

અધ્યાય ૨૯માં ઋતુધ્વજની અશ્વતરના નાગપુત્રો સાથેની મૈત્રીની વાત છે.

અધ્યાય ૩૦ થી ૪૨ સુધી મદાલસા, તેમના ચાર પુત્રો, આ પુત્રો પૈકી અર્લકનું રાજ્ય કરવું, દુશ્મન સામે હારી જતાં જંગલમાં ભાગી જવું અને જંગલમાં દત્તપ્રભુનું મિલન થતાં દત્તપ્રભુ પાસેથી મળેલા જ્ઞાનનું વર્ણન છે.

અધ્યાય ૪૩ થી ૪૯ સુધી આયુરાજા અને તેના પુત્ર નહુષની કથાનું વર્ણન છે.

અધ્યાય ૫૦ અને ૫૧માં શુક્રાચાર્ય, તેની પુત્રી દેવયાની અને રાજા યયાતિની કથા છે.

રાજા યયાતિના પુત્ર યદુને રાજ્ય ન મળતાં અને દાસીપુત્ર પુરુરવાને રાજ્ય મળતા તે જંગલમાં જતો રહ્યો. જંગલમાં તેને દત્તપ્રભુ મળ્યા.

અધ્યાય ૫૨ થી ૫૫માં જીવનમાં સુખી થવાની દૃષ્ટિ સમજાવવામાં આવી છે.

દત્તભગવાનના ચોવીસ ગુરુની કથા છે.

દત્તભગવાન કાયમી શાંતિ અને હંમેશનો આનંદ પ્રાપ્ત કરવાની સમજ આપે છે.

આ ચાર અધ્યાયોમાં ઉપનિષદોનો સાર છે.

જયાંથી પણ કાંઇ શીખવાનું મળે ત્યાંથી શીખવાની ટેવ પાડો.

કોઈના પણ સદ્‌ગુણને ગ્રહણ કરવાની વૃત્તિ રાખો.

“ જો હોય ગુણગ્રાહી દૃષ્ટિ, તો થાય સુખની વૃષ્ટિ”

Simple living and high thinking.

સાદુ જીવન પણ ઊંચું ચિંતન એ સુખી થવાનો રાજમાર્ગ છે.

વિચાર ઊંચા જીવન સાદુ,

એવું જીવે સાચો સાધુ.

●

## (૧૨)
# કર્મકાંડની કથાવસ્તુ

શ્રીગુરુલીલામૃતના કર્મકાંડના કુલ અધ્યાય ૫૦ અને દોહરા ૬૭૭૨ છે.

અધ્યાય ૫૬ થી ૧૦૫ સુધીના આ અધ્યાયમાં દત્તભગવાનના અન્ય બે અવતારો શ્રીપાદવલ્લભ અને શ્રીમન્ નૃસિંહસરસ્વતીની લીલાનું વર્ણન છે.

આઠ વર્ષની ઉંમરે પોથી વાંચવાનો જે આદેશ થયો હતો તે પોથી એટલે કે શ્રીગુરુચરિત્ર નામનો ગ્રંથ કર્મકાંડનો આધાર છે.

શ્રીગુરુચરિત્રમાં જરૂરી ફેરફારો કરીને અવધૂતજીએ કર્મકાંડની રચના કરી છે.

આ કાંડમાં ૫૬મા અધ્યાયમાં શ્રીગુરુસ્તવન, શ્રીપાદવલ્લભનો જન્મ અને તેમની બદરિકાશ્રમ જવાની કથા છે.

અધ્યાય ૫૮ થી ૬૦માં બદરિકાશ્રમનું માહાત્મય છે.

અધ્યાય ૬૧માં રાવણની તપશ્ચર્યા, શિવજી પાસેથી આત્મલિંગની પ્રાપ્તિ અને મહાબળેશ્વરની ઉત્પત્તિની કથા છે.

અધ્યાય ૬૨માં ગોકર્ણ મહિમાનું વર્ણન છે.

અધ્યાય ૬૩ અને ૬૪માં શ્રીપાદવલ્લભની સ્થૂળદેહે કરેલી લીલાનું વર્ણન છે જ્યારે અધ્યાય ૬૫માં શ્રીપાદવલ્લભે દેહત્યાગ કર્યા પછી કરેલી લીલાનું વર્ણન છે.

શ્રીપાદવલ્લભ પોતે જ નૃસિંહસરસ્વતી તરીકે ફરી પાછા કરંજદેશમાં પ્રગટ્યા.

અધ્યાય ૬૬ થી ૧૦૫ સુધી શ્રીમન્ નૃસિંહસરસ્વતીની વિવિધ લીલાઓનું વર્ણન છે.

નરસોબાની વાડી અને ગાણગાપુર નામના બે તીર્થોનું માહાત્મ્ય શ્રીમન્ નૃસિંહસરસ્વતીની લીલાને કારણે આજે પણ ખૂબ જ છે.

શ્રીગુરુચરિત્ર ગ્રંથની રચના મરાઠી ભાષામાં છે.

નૃસિંહસરસ્વતી સ્વામીના પરમ શિષ્ય સાયંદેવના પૌત્રના પૌત્ર સરસ્વતીએ આ લીલાઓ ગ્રથિત કરી છે. મહારાષ્ટ્રમાં આ ગ્રંથ વેદતુલ્ય મનાય છે.

શ્રીગુરુચરિત્રનો સાર વાસુદેવાનંદ સરસ્વતી મહારાજે ૭૦૦ ઓંવીમાં 'સપ્તશતી' નામે લખ્યો હતો.

આ સપ્તશતીનો સમાનુવાદ અવધૂત બાપજીએ શ્રીગુરુલીલામૃત ગ્રંથની રચના પહેલા કર્યો હતો.

શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પંદરમો અધ્યાય આ સપ્તશતીની દરેક ઓંવીના ત્રીજા અક્ષરમાં વણી લેવામાં આવ્યો છે.

નિષ્કામ કર્મ કરીને ચિત્તની શુદ્ધિ કેવી રીતે કરવી તે આ કાંડ દ્વારા જાણવા મળે છે.

વ્યક્તિ કર્મ કર્યા વગર રહી શકતો નથી.

કર્મ કરે એટલે એનું ફળ મળે જ.

આ ફળ બંધન ઊભું કરે.

સારા કર્મથી સ્વર્ગનું બંધન અને ખરાબ કર્મોથી નરકનું બંધન.

કર્મ કરવા છતાં કોઇ પણ પ્રકારનું બંધન ન નડે એવું ઇચ્છનારે નિષ્કામ ભાવથી કર્મ કરવું જોઇએ.

જે ચાવીથી તાળુ બંધ થાય એ જ ચાવીથી તાળું ખૂલે પણ ખરું.

કર્મરૂપી ચાવી ફેરવવાની રીત જ બદલવાની છે.

●

# (૧૩)

# ઉપાસના કાંડની કથાવસ્તુ

શ્રીગુરુલીલામૃતના ઉપાસના કાંડના ખરેખર ૪૨ અધ્યાય છે (૧૦૬ થી ૧૪૭).

કારણકે ૧૪૮મો છેલ્લો અધ્યાય તો ૧ થી ૧૪૭ અધ્યાયનો સાર છે.

પરંતુ છેલ્લા અધ્યાયને ઉપાસના કાંડનો એક ભાગ ગણીએ તો ૪૩ અધ્યાય છે અને એના કુલ દોહરા ૪૯૫૩ (૪૬૭૭+૨૭૬) છે.

ગાંડા મહારાજને અવધૂતજી જે કાર્ય માટે મળવા વાંકડી ગયેલા તે શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ આ ઉપાસના કાંડનો આધાર છે.

શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથમાં તો સ્વામી મહારાજની ઘણી લીલાઓ વર્ણવી છે જે પૈકી અવધૂતજીએ મુખ્ય મુખ્ય લીલાઓનું વર્ણન ઉપાસના કાંડમાં કર્યું છે.

૧૦૬ઠ્ઠા અધ્યાયમાં વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજનું પ્રાગટ્ય છે.

૧૦૭મા અધ્યાયમાં શાસ્ત્રીબુવાના નામે મળેલી ખ્યાતિનું વર્ણન છે.

૧૦૮મા અધ્યાયમાં નારાયણસ્વામીનું ઉપાખ્યાન છે અને એ સ્વામીના ઉત્સવ પર વાસુદેવ જતા હતા તેનું વર્ણન છે.

૧૦૯મા નરસોબાની વાડીમાં દત્તપ્રભુનું પરોક્ષ દર્શનનું અને પછી સ્વપ્નદર્શનનું વર્ણન છે.

સ્વપ્નમાં મંત્રોપદેશની અને અન્ય વાતો છે.

૧૧૦મા અધ્યાયમાં આંજરેકર બુવા દ્વારા પાડગાંવમાં દત્તમૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની કથા છે.

૧૧૧ થી ૧૧૯ અધ્યાય સુધી સ્વામીમહારાજની વિવિધ લીલાનું વર્ણન છે.

દત્તપ્રભુની આજ્ઞાથી પત્ની સાથે યાત્રાએ નીકળ્યા અને વાડીમાં જઈ રહ્યા તેનું વર્ણન છે.

૧૨૦ થી ૧૨૨મા અધ્યાયમાં ગંગા-ગુરુના સંવાદ દ્વારા જ્ઞાનની સમજ આપી છે.

૧૨૩મા અધ્યાયમાં સંન્યાસ ગ્રહણની કથા છે.

૧૨૪મા અધ્યાયમાં તિતિક્ષાધર્મનું વર્ણન છે.

અને ઉજ્જૈનમાં દંડગ્રહણ કર્યાની કથા છે.

૧૨૫ થી ૧૨૯મા અધ્યાય સુધી લોકસંગ્રહાત્મક એવી સ્વામી મહારાજની લીલાનું વર્ણન છે.

૧૩૦મા અધ્યાયમાં ભગવાન દ્વારકાધીશ ડાકોર આવ્યા એ સંદર્ભમાં બોડાણાનું આખ્યાન છે.

૧૩૧ થી ૧૩૯મા અધ્યાય સુધી સ્વામીમહારાજની લીલાનું વર્ણન છે જેમાં સમાજમાં સત્યની પ્રતિષ્ઠા અને સાચા ધર્મની સંસ્થાપનાના પ્રસંગો છે.

૧૪૦મા અધ્યાયમાં પુંડરિકનું આખ્યાન છે અને પંઢરપુરનું માહાત્મ્ય છે.

૧૪૧ થી ૧૪૫ સુધી વિધવિધ લીલાનું વર્ણન છે.

અને ગરુડેશ્વરમાં સ્વામી મહારાજનું આગમન થયું એ કથા છે.

૧૪૬મા અધ્યાયમાં ગરુડેશ્વરનું માહાત્મ્ય વર્ણન છે.

બ્રહ્માનંદતીર્થ તથા બ્રહ્માનંદ સરસ્વતી નામના બે સંતોની કથા છે.

અને સ્વામી મહારાજની તબિયત અસ્વસ્થ થતાં ગાંડામહારાજને ભરૂચથી ગરુડેશ્વર બોલાવ્યાની કથા છે.

૧૪૭ અધ્યાયમાં દત્તમંદિરનું ખાતમુહૂર્ત અને પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજની લીલા સમાપ્તિનું વર્ણન છે.

છેલ્લા અધ્યાયમાં ૧ થી ૧૪૭ સુધીના અધ્યાયની કથાનો ટૂંક સાર છે.

પારાયણના નિયમો અને પારાયણની ફળશ્રુતિનું વર્ણન છે.

અવધૂતજી વાંકડી ગયા હતા ત્યારે શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ મઠાર્યો હતો.

પછી ભરૂચમાં રહીને એ ગ્રંથ છપાવ્યો અને ગ્રંથનું પહેલું પારાયણ પણ કર્યું હતું.

આ બધી પૂર્વ તૈયારી ઉપાસના કાંડ માટે ભગવાને કરાવી હતી.

આ સમગ્ર ગ્રંથની સમાપ્તિ સંવત ૧૯૮૮ના આસો વદ બારસ ને તા. ૨૬ ઓક્ટોબર, ૧૯૩૨ના રોજ થઈ.

આ દિવ્યગ્રંથનું પારાયણ માનવ જીવનને મહેંકતું બનાવે છે.

ઘરમાં સ્વર્ગ ઉતારવા માટે શ્રીગુરુલીલામૃતનું પારાયણ કરવાનો સંકલ્પ કરીએ.

નાની ઉંમરમાં કરેલો સંકલ્પ મોટી ઉંમરે ચોક્કસ ફળે છે.

●

# (૧૪)

## નારી! તું નારાયણી

સંતતી અને સંસ્કૃતિની જાળવણીનું કાર્ય સ્ત્રીને-માતાને શિરે છે.

જયાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવોનો વાસ હોય છે- યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ -એ ઉક્તિ શ્રીગુરુલીલામૃત ગ્રંથમાં ચરિતાર્થ થતી જોવા મળે છે.

શ્રીગુરુલીલામૃત એટલે સતીના ચરિત્રનું ગાન કરતો ગ્રંથ.

ઘરમાં સ્ત્રી પુરુષની પત્ની બની અને પુત્રની માતા બનીને સંસાર ચલાવે છે.

સ્ત્રીમાં રહેલી શક્તિનો પરિચય આપતાં ત્રણ આખ્યાનો વાંચવા જેવા છે.

એક ચરિત્ર સતી અનસૂયાનું છે.

કર્દમઋષિ અને મા દેવહૂતિનું આ સંતાન અત્રિ ઋષિની પત્ની છે.

પતિને પરમેશ્વર માનીને પતિવ્રતાધર્મ પાળનાર અને અતિથિ-અભ્યાગતની સેવા કરનાર અનસૂયા પોતાને આંગણે પરીક્ષા કરવા આવનારા ત્રણ દેવોને પોતાની શક્તિથી બાળકો બનાવી દે છે.

સ્ત્રી ગૃહસ્થ ધર્મ પાળીને કેવી શક્તિ મેળવી શકે તેનું ઉદાહરણ છે.

આનાથી વિરુદ્ધ કૌશિક નામના લંપટ અને વ્યસની બ્રાહ્મણની પત્ની શાંડિલીની પતિભક્તિની શક્તિથી સૂર્ય નારાયણને 'ઉગીશ નહિ' એવી આજ્ઞા કરે છે અને સૂર્ય એની આજ્ઞાનું પાલન કરે છે.

ચરિત્રહીન અને નાલાયક પુરુષના સંસારને એક સતી સ્ત્રી કેવી રીતે મઠારી શકે છે તેનું આ દૃષ્ટાંત શ્રીગુરુલીલામૃત ગ્રંથમાં છે.

મદાલસા નામની બ્રહ્મવાદિની સ્ત્રી ઋતુધ્વજની પત્ની છે.

રાજાની સૂઝ સમજ સામાન્ય સંસારીની છે.

મદાલસાની આધ્યાત્મિકતા એવી ઊંચી છે કે સંતાનને સ્તનપાન કરાવતાં કરાવતાં જ તું કોણ છે? તું ક્યાંથી આવ્યો છે? તારું મૂળ સ્વરૂપ શું છે? એનું જ્ઞાન આપી દે છે.

હાલરડાં ગાતાં ગાતાં જ એનામાં વિવેક-વૈરાગ્યનો વંટોળ ફૂંકી દે છે.

જેને સંસાર અને રાજા ગાંડા ગણે છે એ સચ્ચિદાનંદમગ્નની અવસ્થામાં રહેનાર રાજકુમારો એ માતા મદાલસાની શક્તિ અને સંસ્કારિતાના પ્રતિક છે.

ચોથા દીકરાને રાજાના આગ્રહથી રાજા બનવાની તાલીમ આપી પરંતુ જીવનના અંત ભાગમાં એનું પણ કલ્યાણ થાય એવી યોજના બનાવી.

કેવી રીતનું જીવન જીવવું જોઇએ એની સાચી સમજ ધરાવતી મદાલસા પતિ સાથે સંવાદિતાભર્યું જીવન જીવે છે અને જ્યારે પતિ રાજ્ય છોડીને જંગલમાં જાય છે ત્યારે મદાલસા પણ એની સાથે સાથે જ જાય છે.

શ્રીગુરુલીલામૃતમાં આવતા આવાં સતી-ચરિત્રો સંસારમાં સ્વર્ગ ઉતારવાની કળા શીખવે છે.

ઘરમાં રહીને પણ સ્ત્રી શું કરી શકે એની આવી ઉત્તમ કથા કહેતો ગ્રંથ ખરેખર અણમોલ રત્નરૂપ છે.

જીવતાં આવડે તો સંસારમાં રહીને પણ મોક્ષ મેળવી શકાય એની ગુરુકૂંચી આ ગ્રંથમાં જ આપેલી છે.

●

# (૧૫)
# ચાર્વાકપંથી ચતુર નિરંજન

સાક્ષરાઃ વિપરિતા રાક્ષસાઃ ।

સાક્ષરા શબ્દને ઉલટાવો તો રાક્ષસા થાય.

ખૂબ બુદ્ધિવાળો માણસ બુદ્ધિનો દુરુપયોગ કરે તો એ સમાજને બગાડે.

વિદ્યા, ધન અને શારીરિક શક્તિનો સમાજના ભલા માટે ઉપયોગ થવો જોઈએ.

બીજાની સાથે ઝઘડો કરવા કે એને હેરાન કરવા માટે ન થવો જોઈએ.

પોતાની શક્તિનો અવળો ઉપયોગ કરે તે જ રાક્ષસ.

એક શ્લોક છેઃ

વિદ્યા વિવાદાય, ધનં મદાય શક્તિ પરેષાં પરપીડનાય।
ખલસ્ય સાધોર્વિપરીતમેતદ્ જ્ઞાનાય, દાનાય ચ રક્ષણાય ॥

વિદ્યાનો ઉપયોગ વિવાદ-ઝઘડો કરવામાં, ધન અભિમાન કરવામાં અને શક્તિ બીજાને હેરાન કરવામાં વાપરે તે રાક્ષસ-ખલ-લુચ્ચો માણસ કહેવાય.

દેવ-સાધુ પુરુષ તો વિદ્યાનો ઉપયોગ જ્ઞાન માટે, ધનનો ઉપયોગ દાન માટે અને શક્તિનો ઉપયોગ બીજાના રક્ષણ માટે કરે છે.

નર્મદાનો કિનારો છે.
એના તીરે દિવેર નામનું ગામ.
ગામના લોકો ખેતી કરે. ભણતર ઓછું.
ધર્મ ભાવના સારી.
પરંતુ ઓછું ભણેલા અને ભોળા હોય તે જલદીથી ભોળવાઈ જાય.
કોઈ ઉંધે રસ્તે દોરે તો દોરાઈ જાય.
ભોળપણ ગુણ પરંતુ ભોટપણ અવગુણ ગણાય.
આ ગામમાં નિરંજન નામનો એક સાધુ આવ્યો.
એ ચાર્વાકપંથી હતો.
ચાર્વાકપંથી એટલે નીતિ-નિયમો પડતાં મૂકી શરીર સારું રાખો એવું માનનારો.
"દેવું કરીને પણ ઘી પીવું"- 'ઋણં કૃત્વા ઘૃતં પીબેત્'
એવી ચાર્વાકપંથની માન્યતા.
આ સાધુ થોડો વિદ્વાન હતો અને જોશીલી જબાનનો હતો.
વાતોની વડાઈ કરવામાં કુશળ હતો.
પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરીને એ લોકોને ઉંધે રસ્તે ચઢાવતો હતો.
ધર્મશાસ્ત્રો બધા ગપ્પાષ્ટક છે અને કર્મકાંડ પણ તૂત છે એવી હવા ઊભી કરતો હતો.

શ્રીમદ્ ભવગદ્ ગીતાના શ્લોકના પણ ફાવે તેવા ખોટા અર્થો કરી લોકોને ગેરમાર્ગે દોરતો હતો.
વાતની રજુઆત એવી કરે કે લોકોને ગળે વાત ઉતરી જાય.
લોકો એનું પ્રવચન સાંભળીને આભા બની જાય.
લોકોને એમ જ લાગે કે આવી સાચી વાત તો કોઈએ આપણને આજ સુધી કરી જ નથી.
ભોળા લોકોને છેતરવા સહેલા.
નિરંજનમાં સામેનાને છેતરવાની આવડત સારી હતી.
બોલવામાં એવો જોશીલો કે તમારી વાતને ઉડાડી જ દે.
તમારી દલીલ તોડી પાડે.
તમારી વાત ખોટી છે એવું હોશિયારીપૂર્વક સાબિત કરી દે.
ગામના કેટલાક વડીલોને આ ગમ્યું નહિ.
આ માણસ આપણો ધર્મ બગાડે છે.
સંસ્કૃતિ લજવે છે.
સનાતન સત્યના સૂર્ય સામે આ ધૂળ ફેંકે છે.
પણ આનો ઉપાય શું?
ચિંતા થઈ એમાંથી વડીલો ચિંતન કરવા લાગ્યા કે શું કરવું?

●

# (૧૬)
# ધર્મસંસ્થાપનાર્થાય

દિવેર ગામના વડીલોને ચિંતા થઈ.
ચિંતા છોડી ચિંતન કરવા લાગ્યા.
આનો ઉપાય શો?
આ નાટક બંધ થાય કેવી રીતે?
દિવેર પાસે મીંઢોળ નામે ગામ.
ત્યાં એક સાત્ત્વિક બ્રાહ્મણ રહે.
પ્રભાશંકર ગોર એમનું નામ.
જ્યોતિષ અને કર્મકાંડનું જ્ઞાન ધરાવે.
જ્ઞાન ઓછું પણ સૂઝ મોટી.
પરિસ્થિતિને પામી જઈ એનો ઉકેલ લાવવાની વ્યવહારુતા ઘણી.
દિવેરના વડીલો પ્રભાશંકરભાઈ ગોરને મળવા મીંઢોળ ગયા.
બધાએ ચર્ચા કરી.
નિરંજન વિદ્વાન છે અને એનામાં વાણીની ચતુરાઈ છે.
બોલવામાં એને આપણે પહોંચી વળીએ નહિ.
પણ લોઢું લોઢાને કાપે.

કોઈ સંસ્કૃતનો જાણકાર, અંગ્રેજી ભણેલો અને વાણીની સરસ છટા ધરાવતો એવો યુવાન શોધી કાઢીએ.

આવો સાધુ મળે તો એને દિવેર બોલાવીએ.

ધર્મ અને સંસ્કૃતિનું સંવર્ધન કરનાર વિદ્વાન સાધુ મળે તો નિરંજનનો નિકાલ થાય.

આવો સાધુ લાવવો ક્યાંથી?

દિવેરના નાથાભાઈના મનમાં ઝબકારો થયો.

એને રણાપુરના દાસકાકા યાદ આવ્યા.

દાસકાકા જે સાધુની વાત કરતા હતા તે સાધુને મળીએ તો?

નારેશ્વરના દહેરે બેઠેલો આ સાધુ વિદ્વાન છે, અંગ્રેજી જાણે છે અને સંસ્કૃત પર તો ભારે પકડ છે.

આ સાધુ યુવાન છે અને સારી વાક્છટા પણ ધરાવે છે.

શુભસ્ય શીઘ્રમ્ । સારી વાતમાં વાર શાની?

દિવેરના નાથાભાઈ, ચતુરભાઈ અને મીંઢોળના પ્રભાશંકરભાઈ બળદ-ગાડામાં નીકળ્યા.

રણાપુર પહોંચ્યા.

દાસકાકાને વાત કરી.

ધર્મ સાચવવાનો પ્રશ્ન હતો.

સંસ્કૃતિ જાળવવાની ચિંતા હતી.

દાસકાકાએ કહ્યું કે ચાલો નારેશ્વરને દહેરે.
તમારું કામ પતી જશે.
ચારે જણા નારેશ્વરને દહેરે આવ્યા.
અવધૂત બાપજીને પગે લાગ્યાં.
દાસકાકાએ બધાની ઓળખ આપી.
વિગતે વાત કરી.
દિવેરના વડીલોએ અને પ્રભાશંકર ગોરે અવધૂતજીને વિનંતી કરી કે આપ દિવેર પધારો અને ગીતા ઉપર પ્રવચન કરો. લોકોને સાચા રસ્તે વાળો.
નિરંજને પોતાની વાણીથી લોકોને અવળે માર્ગે દોર્યા છે અને ધર્મને ઝાંખો પાડ્યો છે તો હે પ્રભુ! ધર્મની ફરીથી સ્થાપના કરવા માટે - ધર્મસંસ્થાપનાર્થાય- આપ દિવેર પધારો.
અવધૂતજીએ વાત સાંભળી.
ગુરુમહારાજનું સ્મરણ કર્યું.
અધર્મ સામે ધર્મયુદ્ધ લડવા માટેનું રણશીંગુ ફૂંકવું કે નહિ?
ગુરુમહારાજનો આદેશ આખરી ગણવાનું વિચાર્યું.
ગુરુમહારાજે શું આદેશ કર્યો?

●

# (૧૭)
## હવે તો યુદ્ધ એ જ કલ્યાણ:

"પાર્થને કહો ચઢાવે બાણ,
હવે તો યુદ્ધ એ જ કલ્યાણ."

ગુરુમહારાજે ધર્મની ધજા ફરકાવવા માટે સંમતિ આપી, આજ્ઞા આપી.

ખોટું કરનાર ડર્યા વગર ખોટું કરે તો એને કોકે રોકવો તો પડે જ.

સજ્જન વ્યક્તિ- સાચો માણસ વિરોધ ન કરે અને નિષ્ક્રિય થઈને બેસી રહે તો તે પણ ભગવાનનો ગુનેગાર ગણાય.

'ખોટું કરવું નહિ અને ખોટું થવા દેવું નહિ' એ સૂત્ર સાચું ગણાય.

અવધૂત બાપજીના શરીરમાં ખૂબ તાવ હતો.

શરીર પ્રવાસ કરવાને લાયક ન હતું છતાં દિવેર જવા તૈયાર થઈ ગયા.

દેવનું કામ કરવા જવું છે તો પછી શરીર સાચવવાની જવાબદારી દેવની.

ધર્મ તૂટતો હોય ત્યારે તો પ્રાણના ભોગે એની રક્ષા થવી જોઈએ.

ધર્મની ધજા ફરકાવવા અવધૂતજી દિવેર આવે છે એ વાત ગામમાં વહેતી થઇ ગઇ.

નારેશ્વરના સંત વિષે લોકો જાણતા થયા હતા.

અવધૂતજી ૧૯૨૫ના ડિસેંબરમાં નારેશ્વરના દહેરે આવ્યા એ વાતને સાત વર્ષ થયા હતા.

અવધૂતજી ૧૯૩૨ના નવેમ્બર માસમાં દિવેર જવા નીકળ્યા.

સાચને આંચ નથી અને ખોટું કરનારનું હૈયું શિયાળનું હોય છે.

સિંહની ગર્જનાથી શિયાળ ભાગે.

સૂર્યનો ઉદય થાય એટલે ઘુવડ સંતાય.

કાળી રાતમાં ચોર નીકળે પણ પ્રકાશ પથરાય એટલે ચોરે સંતાવવું પડે.

અવધૂતજી દિવેર આવે છે એ વાત નિરંજનના કાને પડી.

એણે વિચાર્યું કે આ અવધૂતજી તો અતિ વિદ્વાન અને ધર્મશાસ્ત્રના જાણકાર છે.

અંગ્રેજીનો અભ્યાસ છે અને તર્કબદ્ધ રજૂઆત કરવાની જાણકારી છે.

પોતાનું પોલ હવે ચાલે એમ નથી એની એને ખબર પડી ગઇ.

ખોટું કરનારને એક વાર હિંમતભેર પડકારો એટલે એ ભાગ્યો જ જાણો.

અવધૂતજીની દિવેરમાં પધરામણી થાય એ પહેલાં તો નિરંજન પોબારા ગણી ગયો.

કોઈને કહ્યા વિના દિવેર છોડીને ભાગી ગયો.

દિવેરનું સદ્ભાગ્ય કે અવધૂતજીના ચરણ ગામમાં પડ્યા.

નાથાભાઈના મેડા પર ગીતા પ્રવચન કરતા હતા.

ગીતા પ્રવચનનો સમય- બપોરના ત્રણથી શરૂ થતો હતો.

અવધૂતજીએ ગીતાના શ્લોકો સમજાવતા સમજાવતા ધર્મનું, સંસ્કૃતિનું અને સમાજનું રક્ષણ કર્યું.

કોઈના મતનું ખંડન કર્યા વગર શાસ્ત્રનું મંડન કરવાની અવધૂતજીની વિશિષ્ટતા હતી.

દિવેરના, મીંઢોળના અને આજુબાજુના ગામના લોકો અવધૂતજી પ્રત્યે ભક્તિ-ભાવ ધરાવતા થઈ ગયા.

અવધૂતજીએ ધર્મની ધજા ફરકાવી તો અવધૂતજીના ગુરુમહારાજે પોતાના શિષ્યની યશ-પતાકા ફરકાવી.

●

(૧૮)
## જીવન દોર-સોંપે ગોર

સારું કરે તેનું સારું થાય.
બીજાને હાથે અત્તર લગાડનારના પોતાના હાથ પણ મહેંકતા થાય.
દિવેર ગામની મદદે ગોર કાકા ગયા તો એમને અવધૂત બાપજી મળ્યા.
દિવેર ગામમાં અવધૂતજીએ વીસેક દિવસ મુકામ કર્યો.
ગીતા ઉપર પ્રવચનો કર્યા.
પ્રભાશંકર ગોરનું પુણ્ય પોકારી ઊઠ્યું.
એમણે અવધૂતજીની સેવામાં રહેવાનું નક્કી કર્યું.
જેમ દાસકાકાએ સર્વ સમર્પણ કર્યું તેમ ગોરકાકાએ પણ આત્મસમર્પણ કર્યું.
ગીતા પ્રવચનો સાંભળીને અને અવધૂતજીની જીવનપદ્ધતિ જોઈને ગોરકાકા ભાવવિભોર બની ગયા.
એમણે અવધૂતજીને પ્રાર્થના કરી કે મને આપની સેવા કરવા માટે રાખો.
અવધૂતજી એમના ભાવને સમજી ગયા.
એમણે કહ્યું કે ગોર! જુઓ! મારી સેવામાં રહેનારે શુદ્ધ આચાર પાળવાનો રહે છે અને કડક શિસ્તનું પાલન કરવું પડે છે.

એટલે સેવામાં રહેતા પહેલા આ વાતનો વિચાર કરી લેજો.

પ્રભાશંકર ગોરે કહ્યું કે બાપજી! આપના બધા જ નિયમો હું પાળીશ.

પ્રભાશંકર ગોર અવધૂતજીની સેવામાં નારેશ્વર આવી ગયા.

ચા-બીડીનું વ્યસન હતું તે ગોરકાકાએ છોડી દીધું.

હવે નિર્વ્યસની થઇ ગયા.

મળસ્કે ત્રણ વાગે ઊઠે.

રેવાજીમાં સ્નાન કરે.

પોતાનાં નિત્ય કર્મથી પરવારી અવધૂતજી પાસે આવી જાય.

ચરણમાં વંદન કરે અને સેવા કાર્ય શરૂ કરે.

શુદ્ધ વસ્ત્રો પહેરી, પવિત્રતા અને ચોકસાઇ જાળવીને ગુરુદેવની ભિક્ષા કરે અને પછી પ્રેમ-ભાવથી અવધૂતજીને ભિક્ષા કરાવે.

અવધૂતજી ભિક્ષા કરી લે પછી ગોરકાકા થોડું ભોજન કરી લે.

ગોરકાકાની સેવાવૃત્તિ, વ્યવહારુ ચતુરાઇ અને પ્રશ્નો ઉકેલવાની સૂઝ જોઇને અવધૂતજી પ્રસન્ન થતા.

લોકોને ભેળા અને ભેગા રાખીને ધર્મનું કાર્ય કરવાની ગોરકાકાની કુશળતા પ્રશંસનીય હતી.

સને ૧૯૪૦ના એપ્રિલના અંતમાં ‘ગુરુ ગુરુ’ કરતાં ગોરકાકાએ દેહ છોડ્યો.

પોતાની જીવનદોર તો ગોરકાકાએ રંગાજીને સોંપી દીધી હતી.

ગોરકાકા પ્રત્યેનો પોતાનો ભાવ વ્યકત કરતાં અવધૂતજીએ પત્રમાં લખ્યું કે: “અવધૂતના લોકસંગ્રહાત્મક શરીરની તો એક પાંખ જ ખરી પડી છે. થોડી વાર તો એની (અવધૂતજીની) સ્થિતપ્રજ્ઞતા પણ ડોલી ઊઠી હતી.”

કેવી ભવ્ય શ્રદ્ધાંજલિ!!

ગોરની જીવન દોર રંગે બરાબર સાચવી.

•

(૧૯)

## ના હું ગુરુ કોઈનો

દિવેરમાં ચાર્વાકપંથી નિરંજનનું નાટક પૂ રું થયું.
અવધૂતજીના ગીતા ઉપર પ્રવચનો થયાં.
ગીતાજીના શ્લોકોના સાદા અને સાચા અર્થ જાણવા મળતાં લોકો રાજી રાજી થઈ ગયા.
દિવેરના તેમજ આજુબાજુના ગામડાના ભોળા અને ભલા ભાવિક જનોને અવધૂતજી ખૂબ ગમી ગયા.
સાદુ જીવન અને ઊંચું ચિંતન.
કોઈની ટીકા ટિપ્પણી કે નિંદા કર્યા વગર પ્રવચન કરતાં.
સત્ય, અહિંસા અને કરુણાના પૂજારી અવધૂતજી સહુના મનમાં વસી ગયા.
આવા સાધુપુરુષને ગુરુ બનાવીએ તો આપણું કલ્યાણ થાય.
ગામડાના લોકોને તો વ્યક્તિ ગમી ગઈ કે કરો ગુરુ; એવી વૃત્તિ.
એક દિવસ કેટલાક ભાવિક લોકોએ અવધૂતજીને વિનંતી કરતાં કહ્યું કે ‘આપની કંઠી બાંધી અમને મંત્ર આપો. અમારા ગુરુ થાવ.’

આ સાંભળતાં જ અવધૂતજી તો ખડખડાટ હસી પડ્યા. એમણે કહ્યું કે હું કોઈને કંઠી બાંધતો નથી અને કોઈની કંઠી હું મારે ગળે બાંધતો નથી.

હું કોઈને દીક્ષા આપતો નથી કે કોઈના કાનમાં મંત્ર ફૂંકતો નથી.

ગામડાના લોકોને તો ભારે નવાઈ લાગી.

બીજા સાધુ તો સામે ચાલીને કંઠી બાંધે અને કાનમાં મંત્ર ફૂંકે.

મંત્ર આપ્યા બદલ દક્ષિણા પણ સ્વીકારે અને આ સાધુ તો ગુરુ થવા જ તૈયાર નથી.

અવધૂતજીએ પોતાની દૃષ્ટિ સમજાવતા કહ્યું કે તમારા બધામાં હું મારા ગુરુમહારાજના દર્શન કરું છું પછી તમારો ગુરુ કેવી રીતે થઈ શકું?

સાચો સંત ગુરુ ન બને, સાચો શિષ્ય બને.

શિષ્ય તરીકે કોઈનો પણ સ્વીકાર કરવો એટલે એની બધી જવાબદારી સ્વીકારવી, એના જામીન થવું.

શિષ્યને જન્મ-મરણમાંથી મુક્તિ અપાવવાની જવાબદારી ગુરુની છે.

અવધૂતજી કોઈને મંત્ર આપે તો મંત્ર લખીને પોતાના ગુરુમહારાજના ફોટા પાસે મૂકી પેલી વ્યક્તિને ત્યાંથી મંત્ર લેવાનું કહે.

આનો અર્થ એ કે તમને સ્વામીમહારાજ મંત્ર આપે છે એમ સમજવાનું.
આવી ઊંચી દૃષ્ટિ તો કોકનામાં જ હોય.
શિષ્ય કરવાના નહિ, બધાના શિષ્ય થવાનું.
એટલે અવધૂતજીએ કહ્યું કે હું કોઈનો ગુરુ નહિ.

•

## (૨૦)
## સ્વામી યસ્ય નારાયણ: સર્વધર્મસમભાવ

દિવેર ગામમાંથી નિરંજનનું તૂત ગયું.
પોતે જે ઉદ્દેશથી આવ્યા હતા તે ઉદ્દેશ સિદ્ધ થયો.
દિવેર છોડીને ભક્તોના આગ્રહથી અવધૂતજી મીંઢોળ ગામે આવ્યા.
મીંઢોળ એટલે પ્રભાશંકર ગોરનું ગામ.
ગામમાં લોકો સ્વામીનારાયણ ધર્મ પાળે.
પૂ.શ્રીનો મુકામ સ્વામીનારાયણ ભગવાનના મંદિરમાં રાખવામાં આવ્યો.
અવધૂતજી તો 'દત્ત' શબ્દનો વિશાળ અર્થ કરતાં કહેતા કે બધા જ દેવો એ 'દત્ત' શબ્દના અર્થમાં આવી જાય છે.

સ્વામીનારાયણ એ પણ પોતાના જ દેવ છે એવા હૃદયના પ્રેમથી ત્યાં રહ્યા.

પૂ.શ્રી સ્વામીનારાયણ શબ્દનો અર્થ સમજાવતાં કહેતાં કે સ્વામી યસ્ય નારાયણ: ।

આ નારાયણ ભગવાન- વિષ્ણુ ભગવાન જ દત્તમાં પણ છે ને!

ભગવાન કૃષ્ણ અને ભગવાન શંકર બેમાં ઐક્ય નિહાળવાનું અવધૂતજી કહેતા.

આ તો વિષ્ણુના જ બે સ્વરૂપોની વાત છે.

સ્વામીનારાયણ ધર્મ પાળનારાને આનંદ થયો.

અવધૂતજી મીંઢોળ ગામમાં બે ત્રણ દિવસ રહ્યા.

એમણે પૂ. સહજાનંદસ્વામીએ રચેલી શિક્ષાપત્રી ઉપર પ્રવચન કર્યાં.

શિક્ષાપત્રીનો શ્લોક સરળ ભાષામાં સમજાવતાં.

પરંતુ એવા જ અર્થનો વેદમંત્ર કે ઉપનિષદનો શ્લોક પણ ટાંકે.

સહજાનંદસ્વામી એ સ્વયં અવતારી પુરુષ હતા અને તેથી જ બધા શાસ્ત્રોનો સાર એમણે શિક્ષાપત્રીમાં સરળ ભાષામાં આપ્યો છે એવું અવધૂતજીએ કહ્યું.

જે વાત શિક્ષાપત્રીમાં છે, જે વાત ઉપનિષદમાં છે એ જ વાત દત્તના સાહિત્યમાં પણ છે.

દત્તભગવાનની લીલા અને સહજાનંદસ્વામીની સમાંતર લીલાનું પાન કરાવીને એમણે પોતાની સર્વધર્મ સમભાવની દૃષ્ટિ સ્પષ્ટ કરી.

એક જ સત્યને જ્ઞાની પુરુષો જુદી જુદી રીતે કહે છે એમ સમજાવી ભક્તોની નિષ્ઠા પોતાના ઈષ્ટદેવમાં દૃઢ થાય એવી ભાવના વ્યક્ત કરી.

સર્વધર્મસમભાવ અને સર્વધર્મસમન્વયની વૃત્તિથી પ.પૂ. અવધૂત બાપજીએ સંવાદિતાનું સંરક્ષણ કર્યું અને તેનું સંવર્ધન કર્યું.

સાચો ધર્મ અને ધર્મપુરુષ બધાને એક કરે, બધામાં સંપ જન્માવે અને ખંડનને બદલે મંડન દ્વારા સમાજનો ઉત્કર્ષ કરે.

સંપીને સૌ સાથે રહીશું, લડવાથી તો દુઃખી થઈશું.

United we stand, Divided we fall.

●

(૨૧)

# નારેશ્વરમાં ગુરુપૂર્ણિમા

આષાઢી પૂર્ણિમા એટલે ગુરુપૂર્ણિમા.

આ દિવસે બધા લોકો પોતાના ગુરુનું પૂજન કરે.

અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનનો પ્રકાશ પાથરે તે ગુરુ.

ગુરુ શિષ્યમાં રહેલી શક્તિને બહાર લાવવામાં મદદરૂપ બને.

શિષ્યને સાચે રસ્તે ચાલવાની પ્રેરણા આપે.

ગુરુનું પોતાનું જીવન એવું આદર્શવાળું હોય કે શિષ્ય એ જોઈને પોતાનું જીવન મઠારે.

અષાઢ માસની પૂનમને કેમ ગુરુપૂર્ણિમા ગણવામાં આવી?

હિંદુધર્મમાં પરાશર ઋષિના પુત્ર વેદવ્યાસનો આ જન્મદિવસ છે.

વેદવ્યાસ એ જગદ્ગુરુ છે.

એ બધાના ગુરુ છે.

જેની પાસેથી સારું શિખવાનું મળે તે ગુરુ.

કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ।

વેદ, ઉપનિષદ ઉપરનું વ્યાસજીનું ચિંતન એવું તો દિવ્ય અને વિશાળ છે કે ત્યાર પછી કશું કહેવાનું બાકી જ રહ્યું નહિ.

વેદવ્યાસ પછી લોકો ધર્મ વિશે કાંઇ બોલે છે તે વ્યાસજીનું બોલેલું જ બોલે છે.

વ્યાસોચ્છિષ્ઠં જગત્ સર્વમ્ ।

જગતમાં જે કાંઇ બોલાય છે તે વ્યાસજીનું બોલેલું જ - વ્યાસજીનું એઠું જ - છે.

આ ભગવાન વેદવ્યાસ પ્રત્યેના માનના પ્રતિકરૂપે આષાઢી પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે.

આષાઢ મહિનો એટલે વરસાદનો મહિનો.

ચોમાસું બેસી જાય તેમ છતાં આ મહિનામાં બધા ઉત્સવો ઉજવાય.

અષાઢ સુદ બીજ એટલે રથયાત્રા.

અષાઢ સુદ અગિયારસ એટલે દેવપોઢી એકાદશી અને આષાઢી પૂર્ણિમા એટલે ગુરુપૂર્ણિમા.

સંવત ૧૯૯૧ એટલે ઈ.સ. ૧૯૩૫ની ગુરુપૂર્ણિમા.

નારેશ્વરમાં ગુરુમહારાજની હાજરીમાં બધા ભક્તો ભેગા થયાં.

ગુરુપૂર્ણિમા એટલે ગુરુચરણમાં સર્વ સમર્પણ કરવાનો દિવસ.

ભક્તો પોતાનું ભાથું લાવે.

ઝાડની નીચે મુકામ કરે.

નારેશ્વરમાં રહેવાની- જમવાની કોઇ વ્યવસ્થા નહિ.
બધા પોતપોતાનું ભાથું લાવે.
ગુરુપૂજનની શરૂઆત થઇ.
મંત્રો બોલાવવા માંડ્યા.
ભજનો ગવાવા માંડ્યા.
પૂજન પૂ રું થવાને વાર હતી.
ત્યાં જ આકાશમાં મેઘગર્જના થઇ.
વીજળીના કડાકા થવા લાગ્યા.
અને ભગવાન ઇંદ્ર પણ પોતાના પરિવાર સાથે પૂજનમાં આવી ગયા.
પવનના સૂસવાટા અને સાથે વરસાદની ભારે ઝડી.
ભક્તો ભીંજાયા.
અવધૂતજીએ ઇંદ્રને પ્રાર્થના કરી “હવે ખમૈયા કરો.”
અવધૂતજીની આજ્ઞાથી ઇંદ્ર ભગવાન પોતાના રસાલા સાથે જતા રહ્યા.
સૂર્ય ભગવાનના કોમળ કિરણો પાછા ધરતી ઉપર આવી ગયાં.
ભક્તોને ભીંજાયેલા અને ધ્રૂજતા જોઇને અવધૂતજીનું હૈયું ધ્રૂજી ગયું.
એમને થયું કે જો એકાદ મકાન હોત તો આ ભક્તોને વરસાદથી ભીંજાતા બચાવી શકાત.

સ્ત્રીઓ અને નાના બાળકોની દશા જોઈને અવધૂતજીએ મનમાં વિચાર કર્યો અને તે મુ. મોદીકાકાને અને મુ. દાસકાકાને જણાવ્યો.
એમણે શું વિચાર કર્યો?
શો નિર્ણય કર્યો?

•

## (૨૨)
## વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ

સંતો વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ વધુ કોમળ હોય છે.
પોતાના સિદ્ધાંતોના પાલનમાં અવધૂતજી અડગ.
નિયમ પાલનમાં કોઈને કઠોર જણાય પરંતુ ભકતોનું દુ:ખ જોઈને દ્રવી જાય, માખણ કરતાં પણ વધુ નરમ.
માખણ તો પોતાને ગરમી લાગે ત્યારે પીગળે પણ સંતનું હૃદય તો બીજાને દુ:ખી જોઈને પીગળે.
ભકતોને અને ખાસ તો સ્ત્રીઓ અને બાળકોને વરસાદમાં મુશ્કેલીમાં મૂકાયેલા જોઈને અવધૂતજીએ વિચાર્યું કે અહીં એક મકાન હોય તો સારું.
એમણે મુ. દાસકાકાને બોલાવ્યા.

અવધૂતજી બોલ્યા: દાસ! આજે તમોને ભીંજાતા જોઇ બહુ દુ:ખ થયું.
અહીં એક મકાન બાંધ્યું હોય તો આ દુ:ખ ન રહે.
દાસકાકા તો રાજી રાજી થઇ ગયા.
એમણે કહ્યું: "બાપજી! અમને પણ આ જ વિચાર આવ્યો હતો પરંતુ આપને કહેવાની હિંમત નો'તી થતી."
અવધૂતજીની રજા મળી એટલે દાસકાકાની આગેવાની હેઠળ સાયર, લીલોડ, કહોણા, દિવેર, મીંઢોળ અને વેળુગામના બધા ભક્તોએ મકાન બાંધવાનું નક્કી કર્યું.
"ઝાઝા હાથ રળિયામણા" એ કહેવત અનુસાર બધા પોતાની શક્તિ પ્રમાણે કામમાં મદદરૂપ બન્યા.
સંવત ૧૯૯૧ના દશેરાનો શુભ દિવસ.
મકાનનું કામકાજ શરૂ થયું.
'આપણું કામ'ની ભાવના જાગી.
મુ. દાસકાકાની આગેવાની અને બીજા બધાનો સહકાર.
'વિના સહકાર, નહિ ઉદ્ધાર' સૂત્ર ચરિતાર્થ થતું જોવા મળ્યું.
મકાનના બાંધકામમાં કામ કરતાં મજૂરો પણ મન મૂકીને કામ કરતા હતા.

બપોરના સમયે મજૂરો માટે સ્થાનમાં રોટલા ઘડાતા.
ત્રણથી ચાર આનાની મજૂરી મળતી અને એક ટંકનું ભાથું.
આ મજૂરોમાં કામ કરનારી એક નાની છોકરી હતી.
છોકરીની ઉંમર દશ વર્ષ.
માછીની છોકરી.
ગંગા એનું નામ.
અભણ હતી છતાં સાચું ભણતર ભણેલી હતી.
એ કામ ઉપર સહુથી વહેલી આવી જતી અને સૌથી છેલ્લી જતી.
ગંગાએ જોયું કે આ મકાન બાંધવામાં શ્રીમંતો પૈસા આપતા હતા.
એમના પૈસાથી મકાન બંધાતુ હતું.
આ રીતે સેવા કરીને તેઓ પોતે ધન્ય થતા હતા.
એના મનમાં થયું કે હું ગરીબ કેવી રીતે ધન્ય થાઉં?
એના મનમાં એક વિચાર ઝબક્યો.
એ ઝબકેલા વિચારને એણે મજબૂતાઈથી પકડ્યો.
એણે મનોમન નિર્ણય કર્યો.
શું નિર્ણય કર્યો? કેવો નિર્ણય કર્યો?
અવધૂત પણ હલી જાય તેવો નિર્ણય કેવો હશે?

●

# (૨૩)
# જેણે રંગને ઋણી રાખ્યા

પોતાની દાસ્યભક્તિથી હનુમાનજીએ ભગવાન શ્રીરામને ઋણી બનાવ્યા હતા.

ભગવાને શ્રીમુખે હનુમાનજીને કહ્યું કે હું તારી સામે આંખ ઊઠાવી જોઈ શકતો નથી.

કેવળ સમર્પણની ભાવનાથી કરેલી સેવા સ્વામીને ઋણી બનાવે છે.

આવું જ ગંગાના કિસ્સામાં બન્યું.

ગંગા હતી તો દશ વર્ષની નાની અભણ છોકરી, હતી માછીની દીકરી પરંતુ એનું મન અતિ સત્ત્વશીલ હતું.

એને થયું કે હું ગુરુમહારાજ માટે ધનસેવા તો કરી શકતી નથી પણ તનસેવા તો કરી શકું ને?

ભગવાન રામચંદ્રજી સમુદ્ર ઉપર સેતુ બંધાવતા હતા ત્યારે એક ખિસકોલીએ વ્યક્ત કરેલી ભાવના યાદ આવી.

નાની ગંગાએ પાવનકારી નિર્ણય લીધો.

મકાનના બાંધકામ માટે પહેલી આવે, છેલ્લી જાય અને મજૂરીના પૈસા ના લે.

આ તો મારા ગુરુમહારાજની સેવાનું કામ છે.

સ્થાનમાંથી બપોરે બધાને રોટલા અપાય પણ ગંગા તો પોતાના ઘરેથી જ ભાથું લાવે.

મારા ગુરુમહારાજના સ્થાનનું મારાથી કેમ ખવાય?

ગંગા મજૂરી લેતી નથી.

સ્થાનના રોટલા ખાતી નથી.

પહેલી આવે છે. છેલ્લી જાય છે.

આ વાત દાસકાકાના મનમાં ઘર કરી ગઈ.

દાસકાકા એની સેવાની ભાવનાને ઓળખી ગયા.

સંવત ૧૯૯૨ના જેઠ માસમાં અતિથિગૃહ તૈયાર થઇ ગયું.

હવે મજૂરો અને અન્ય વ્યક્તિઓની બાકી રકમની ચૂકવણી કરવાની હતી.

મુ. દાસકાકાએ પૂ.શ્રીને કહ્યું કે મકાનનું કામ પૂ રું થઇ ગયું છે. જો આપ રજા આપો તો બધાને મિષ્ટાન્ન જમાડીને પછી નીકળતી રકમ ચૂકવીને જવા દઈએ.

પૂ.શ્રીએ હસીને કહ્યું કે દાસ! મેં તો બધાને વસ્ત્રનો પ્રસાદ આપવાનું પણ વિચાર્યું છે.

એટલે મિષ્ટાન્ન જમાડો અને મજૂરોમાં પુરુષોને ધોતિયું તથા સ્ત્રીને સાડીનો પ્રસાદ આપો.

અત્યારે જ કરજણ માણસ મોકલો અને જરૂરી વસ્ત્ર મંગાવી લો.

પછી મુ. દાસકાકાએ ગંગાની વાત કરી.

આ છોકરીએ ખૂબ મહેનત કરી છે.
મજૂરી લીધી નથી અને સ્થાનના રોટલા પણ ખાધા નથી.
મારી ઈચ્છા એને જરા વધારે સારી સાડી આપવાની છે.
પૂ.શ્રીએ મૌન રહીને સંમતિ આપી.
મિષ્ટાન્નનું ભોજન આપ્યા પછી બધાને પૂ. અવધૂતજીના હાથે વસ્ત્ર-પ્રસાદ અપાવવાનું શરૂ થયું.
પૂ.બાપજી સ્વહસ્તે વસ્ત્ર પ્રસાદ આપે તો કોણ ના કહે?
વારાફરતી બધા આવે છે અને વંદન કરી, વસ્ત્ર પ્રસાદ લે છે.
પણ ગંગા આવતી નથી.
મુ. દાસકાકાએ જોયું કે ગંગા પ્રસાદ લીધા વગર જતી રહેવાની તૈયારી કરે છે.
એમણે બૂમ મારી ગંગાને બોલાવી.
પૂ. અવધૂતજીએ એને વસ્ત્ર પ્રસાદીમાં સાડી આપવા હાથ લંબાવ્યો પણ એ લંબાવેલો હાથ લંબાવેલો જ રહ્યો.
ગંગાએ સાડી લેવાની ના કહી.
ગુરુમહારાજની સેવાનો બદલો કેમ લેવાય?
બધા દંગ થઈ ગયા.
પણ સાડી જતી કરીને ગંગાએ જે મેળવ્યું તે હજી પણ બધાને યાદ રહી ગયું.
એવું તે શું મેળવ્યું?

●

## (૨૪)

## ગંગાદ્વારે રંગા

પૂ. રંગ અવધૂતજીએ ગંગાને બોલાવી.
હું પ્રસાદ આપું છું તો લે.
ગંગાએ તો પણ પ્રસાદ ના લીધો.
એની ભાવના જોઈને અવધૂતજી બોલ્યા: "તારે સાડી નથી જોઈતી તો શું જોઈએ છે?"
ગંગાને રામાયણનો કેવટ યાદ આવી ગયો.
કેવટે ભગવાન રામચંદ્રજીને લક્ષ્મણ અને સીતા સાથે ગંગા પાર કરાવ્યા ત્યારે ભગવાને એને ઉતરાઈ (ગંગા પાર કરવાની મજૂરી)માં સોનાની વીંટી આપવા માંડી તો એણે ના લીધી.
એણે કહ્યું કે આપણે બંને ધંધાભાઈ છીએ.
હું નાવિક છું અને લોકોને ગંગા પાર કરાવું છું.
તેમ તમે પણ નાવિક છો અને ભક્તોને ભવપાર કરાવો છો.
એટલે એક નાવિક બીજા નાવિક પાસેથી ઉતરાઈ લે નહિ.
ભગવાને આગ્રહ કર્યો ત્યારે કેવટ બોલ્યો કે મેં જેમ તમને ગંગાપાર કરાવ્યા તેમ તમે મને ભવપાર કરાવજો.
ગંગાએ રંગાજીને કહ્યું "તમે પ્રસાદ આપવા જ માગતા

હો તો આપ આપના પુનિત પગલા મારા ઘરે પાડો.”
રંગાજીએ તરત જ કહ્યું કે છોકરીનું સાચું ઘર તો એ પરણીને સાસરે જાય ત્યારે એ સાસરાનું ઘર કહેવાય. તું સાસરે જઇશ ત્યારે ત્યાં હું ચોક્કસ આવીશ.
બીજા બધા તો આ વાતો સાંભળતા જ રહી ગયાં.
ગંગાને ધરપત થઇ.
આમ એને વચન આપ્યા પછી અવધૂતજીએ ગંગાને સાડી પ્રસાદી આપી અને ગંગાએ એ પ્રેમપ્રસાદી લઇ લીધી.
આ વાતને વર્ષો વીત્યાં.
ગંગા મોટી થઇ ગઇ.
એના લગ્ન થયાં.
એનું લગ્ન લીલીપરા ગામમાં થયું.
ગંગા સાસરે સુખેથી રહેતી હતી.
પરંતુ એના હૃદયમાં અવધૂત બાપજીએ આપેલું વચન અકબંધ હતું.
અવધૂતજી પણ પોતાનું વચન ક્યાં ભૂલ્યા હતા?
અભણ, ગરીબ અને માછીની નાની કન્યાની નિર્વ્યાજ સેવાનું ઋણ ગમે તેમ થોડું ચૂકવાય?
અવધૂતજીએ પોતાનો જન્મદિન ગંગાદ્વારે ઉજવવાનું નક્કી કર્યું.

એક ટિફિનમાં દશામી (દૂધની ભાખરી) અને શાક લઈ અવધૂતજી નીકળ્યા.

નાવડીમાં એક અવધૂતજી અને બીજો નાવડી ચલાવનાર નરસી.

વહેલી પરોઢે બે નીકળ્યા અને પહોંચી ગયા લીલીપરા ગામને કિનારે.

નાવડીને કિનારે રાખી, અવધૂતજી અને નરસી ગંગાને ઘરે જવા નીકળ્યા.

લીલીપરા ગામના માછીઓ નદીકિનારે જાળ લઈને જતા હતા.

એમણે અવધૂતજીને જોયા.

અવધૂતજીને જોતાં જ જાળ નાખી દીધી.

આનંદની ચિચિયારી પાડી.

હર્ષનો શોરબકોર થયો અને આખા ગામમાં "ગંગાના ઘરે અવધૂત બાપજી આવે છે" એવો નાદ ગાજી ઊઠ્યો.

ગંગાના કાને અવાજ આવ્યો.

રંગ બાપજી મારે ઘેર!

એને અવધૂતજીનું વચન યાદ આવ્યું.

એણે વસ્ત્રોનો પટારો ખોલ્યો.

ધોતિયાં, સાડીઓ વગરે લઈને સામે દોડી.

એના ઘરનાં બધાં પણ સ્વાગત માટે દોડ્યાં.

લીલીપરામાં સ્વર્ગ ઉતર્યું.
“દિગંબરા દિગંબરા”ની ધૂનનો અવાજ ગાજી ઊઠ્યો.
બધાના હૈયા ભાવથી ઉભરાતાં હતાં.
આંખોમાં આનંદના આંસુ હતાં.
ધૂન ગજવતાં બધા ગંગાના દ્વારે આવ્યા.
ગંગાદ્વારે રંગાનું દિવ્ય દર્શન કરનારા બડભાગી બની ગયાં.
ગંગાએ એક પલંગ પર નવી રજાઈ પાથરી.
અવધૂતજીને ત્યાં બેસાડ્યા.
અવધૂતજીએ કહ્યું: “જો ગંગા! તારા ઘરે આવ્યોને? મેં મારું વચન પાળ્યુંને?”
ભગવાન રામે શબરીની ઝૂંપડી પાવન કરી હતી.
ભગવાન રંગે ગંગાનું જીવન પાવન કર્યું.
ભિક્ષાનો સમય થતાં અવધૂતજીએ ટિફિન ખોલ્યું.
દશમી અને શાકની ભિક્ષા કરી.
બે ભાખરી વધી.
ગંગાના ઘર માટે પ્રસાદરૂપે બે ભાખરી વધી હતી.
ગામના લોકોએ આખો દિવસ ભજન-ધૂન કર્યાં.
આનંદમાં નાચ્યા-કૂદ્યા અને અવધૂત પ્રત્યેની પોતાની ભક્તિનું દર્શન કરાવ્યું.
સમી સાંજનો સમય થયો.

અવધૂતે પૂછ્યું: “ગંગા! બસ! હવે હું જાઉં?”

ગંગાએ કહ્યું: “બાપજી! બે-પાંચ મિનિટ બેસોને! પછી જજો.”

ભક્તને વશ ભગવાન.

બાપજી બેઠા અને પછી ગંગાને સંતોષ થયો એટલે હાથમાં દંડ લઈને ઊભા થયા.

અવધૂતજી આવ્યાનો આનંદ.

પણ હવે વસમી વિદાયની વેદના.

રંગજયંતી જેવો પવિત્ર દિવસ ગંગાના દ્વારે ગાળીને અવધૂતજીએ એક અભણ અને ગરીબ માછીની કન્યાની નિર્વ્યાજ સેવાને અમર કરી દીધી.

હજી ગંગાબેન જીવે છે અને બાપજીના સ્મરણમાં સમય ગાળે છે.

સેવા માટે સાચે જ કહેવાયું છે કે કલ્પલતારૂપ સેવાથી શું શું સાધ્ય થતું નથી?

એટલે કે સેવારૂપી કલ્પલતાથી બધું જ મળે છે.

**“કિં કિં ન સાધયતિ કલ્પલતૈવ સેવા ।”**

●

# (૨૫)

## આંબે આવ્યા મોર, રંગા આવ્યા પોર

(અનુસંધાનઃ પ્રસંગ છઠ્ઠો)

નારેશ્વરમાં સંવત ૧૯૮૫ એટલે કે સને ૧૯૨૮માં પહેલી દત્તજયંતી ઉજવાઇ.

સંવત ૨૦૦૪ એટલે કે સને ૧૯૪૭માં અવધૂતજીએ જાહેર કર્યું કે આવતા વર્ષે દત્તજયંતી ઉપર હું નારેશ્વર નહિ રહું.

બધા પોતપોતાના ગામે દત્તજયંતી ઉજવો.

ભગવાન મને જ્યાં પ્રેરણા કરશે ત્યાં જઇશ.

સને ૧૯૪૮ એટલે કે સંવત ૨૦૦૫નો માગસર મહિનો આવ્યો.

ધીમે ધીમે સમય વહી જતો હતો.

માગસર સુદ તેરસ થઇ.

હવે નારેશ્વર અને એની આજુબાજુના લોકોને ચટપટી થવા લાગી.

બાપજી દત્તજયંતી પર ક્યાં જશે?

નારેશ્વરમાં દત્તજયંતીની ઉજવણીની તૈયારી ચાલતી હતી.

કેટલાક ભક્તો એવી આશાએ આવ્યા હતા કે તેરસના રોજ અવધૂતજી નારેશ્વરની બહાર નીકળશે.

એ સમયે આપણે એમની પાછળ પાછળ જઈશું.
પરંતુ અવધૂત તો કોયડો છે.
એને સંસારી શું ઉકેલી શકે?
તેરસની રાત્રે ભજન થયાં.
અવધૂતજી નારેશ્વરમાં જ હતાં.
પ્રસાદ વહેંચાયો ત્યારે બાપજીનો ૐ ૐ નો નાદ સંભળાયો.
ભક્તોને થયું કે બાપજી હવે દત્તજયંતી પર નારેશ્વર જ રહેશે અથવા બહુ બહુ તો નજીકના ગામમાં જશે.
બધા ગામડામાં પણ તડામાર તૈયારી ચાલતી હતી.
અવધૂતજી પોતાના ગામે આવશે એવી આશાથી બધા તૈયારી કરતા હતાં.
તેરસની રાત્રે ભક્તો ભજન કરીને, પ્રસાદ લઈને પોત પોતાના સ્થાને જઈને સૂઈ ગયાં.
આ બાજુ રાત્રિના બે વાગ્યા.
અવધૂતજી જાગ્યા.
સ્નાનાદિથી પરવાર્યા.
અને નારેશ્વર આશ્રમની બહાર નીકળ્યા.
ડમણિયું તૈયાર હતું.
ચાર ભક્તો સેવામાં હાજર હતા.
ચાર ભક્તોની સાથે અવધૂતજી ડમણિયામાં બેઠાં.

આ સદ્‌ભાગી ચાર ભક્તો હતાં:
૧. સુમનભાઇ માસ્તર ૨. જગજીવનરામ માસ્તર
૩. માંડવ ગામના ગિરધરભાઇ અને
૪. વલસાડના વકીલ જમિયતરામ અધ્વર્યુ.
માગસર સુદ ચૌદસની વહેલી સવારે અણસ્તુ ગામે પહોંચ્યા.
અણસ્તુ ગામની ભાગોળે એક શિવજીનું મંદિર.
શિવાલયમાં મુકામ કર્યો.
ડમણિયું પાછું મોકલી દીધું.
અણસ્તુ ગામમાં એક ભક્ત રહે.
ધોરીભાઇ એનું નામ.
એમને અને આખા ગામને ખબર પડી એટલે આખો દિવસ ભજન-કીર્તન અને આનંદોત્સવ થયો.
ધોરીભાઇની ભાવના સંતોષી.
એમણે ડમણિયાની વ્યવસ્થા કરી.
મધરાતે અણસ્તુ ગામથી નીકળી માગસર મહિનાની પૂર્ણિમા- દત્તજયંતીને દિવસે મળસ્કે વહેલા સરાર ગામે આવ્યા.
સરાર ગામે ડમણિયામાંથી ઉતરી ડમણિયું પાછું મોકલ્યું.
સરારથી પ્રભુએ પગપાળા પ્રવાસ શરૂ કર્યો.
પૂ.શ્રી સરાર ગામથી ચાલીને પોર ગામ જતા હતા.

પોર ગામના ભક્તોને ગળા સુધીની ખાતરી હતી કે અવધૂતજી પોર જ આવશે.

તડામાર તૈયારી ચાલતી હતી.

બાપજી ક્યાં જશે એનો કોઈને કશો ખ્યાલ આવ્યો નહિ.

દત્તજયંતીની વહેલી સવાર.

ઠંડીના દિવસો.

ગામના જુવાનીયાઓ સાયકલ લઈને નીકળ્યા.

અવધૂતજીની તપાસ કરવા.

એક બાજુ અવધૂતજી સરારથી નીકળી ચાર ભક્તો સાથે ચાલતાં પોર જવા નીકળ્યા અને બીજી બાજુ જુવાનીયાઓ સાયકલ લઈને પોરથી સરાર બાજુ જવા નીકળ્યાં.

પોરના ભક્તોનું મન એમ કહેતું હતું કે બાપજી દત્તજયંતી ઉપર જરૂરથી પોર જ આવશે.

પોર ગામના ભક્તોનો ભાવ અને તેમની શિસ્ત બાપજીને ખૂબ ગમતી.

સાયકલ સવારોએ અવધૂતજીને જોયાં.

સાથે ચાર ભક્તોને પણ જોયાં.

જોતાની સાથમાં જ સાયકલ ઉપરથી કૂદી પડ્યા.

સાયકલ પડી એક બાજુ અને સાયકલ સવારો પડ્યા અવધૂતજીના ચરણોમાં.

રસ્તા ઉપર જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.
અવધૂતજીએ પૂછ્યું કે અલ્યા! તમને ક્યાંથી ખબર મળી?
પરંતુ પેલા જુવાનિયા શું બોલે?
એમની આંખમાંથી આનંદના આંસુ વહી રહ્યા હતા.
અવધૂતજીએ કહ્યું કે, હવે જાવ અને ગામમાં બધાને ખબર કરો.
સાયકલ સવારો પાછા વળ્યા.
પોર ગામમાં પહોંચ્યા.
"અવધૂતજી પોર આવે છે", "આપણા બાપજી આપણે ગામ આવે છે" એવી બૂમો પાડી.
બધાને આ વાતની જાણ થઈ.
બસ! પછી તો ગામનો આનંદ હિલોળે ચઢ્યો.
બધાં પોતપોતાના કામ છોડી ભાગ્યા.
ગામ બહાર લોકો ભેગા થયા.
અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્તની ગર્જનાઓ થવા લાગી.
"રંગ અવધૂતરે રંગ અવધૂત, નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત"ની ધૂન ગાજવા લાગી.
"દત્ત દત્ત વદો ભાઈ એહિ જગતાર હે" અને "દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા"ની ધૂન ભક્તો ગાવા લાગ્યા.

લોકોના હૈયા આનંદથી ધક ધક થવા લાગ્યા.
આંખોમાં આંસુનો ને મનમંદિરમાં આનંદનો પાર નથી.
જે રીતે દત્તજયંતીનો ઉત્સવ નારેશ્વરમાં ઉજવાતો હતો એ જ રીતે પોર ગામમાં દત્તજયંતીનો ઉત્સવ ઉજવાયો.
પહેલી વાર દત્તજયંતીનો ઉત્સવ ઉજવવા અવધૂતજી નારેશ્વરની બહાર નીકળ્યા.
આ એ પોર ગામ છે જે ગામમાં પૂ.ગોવિંદકાકા નામના ભક્ત થઇ ગયા.
અવધૂત બાપજીની જીવનગાથા ગાતો ગ્રંથ "શ્રીરંગલીલામૃત" એમણે લખ્યો.
હે બાળકો! એ ગ્રંથની વાતો જ તમે તમારી ભાષામાં વાંચો છો.
મોટા થજો, પોર જજો અને શ્રીરંગલીલામૃતનું પારાયણ કરજો.

**અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત.**

●

## દત્તઉપાસના

આ દત્ત ઉપાસનામાં ઝઘડાને સ્થાન જ નથી, કોઈ ઉપાસના સાથે વિરોધ નથી, કોઈ દેહધારી આસુરી દૈત્યનો વધ કરવા માટે એનો આવિર્ભાવ નથી થયેલો. અત્ર્યનસૂયાની-એકનિષ્ઠ ભગવદ્ભક્તિના ફળરૂપ એ અવતાર સાધકમાત્રને નડતા મોહાસુરનો નાશ કરી, જગતમાં વિશુદ્ધ પ્રેમ, જ્ઞાન, અદ્વૈત ફેલાવવા માટે જ પ્રગટ થયેલો હોવાથી એને આદિગુરુ કહ્યો છે. અને તેથી જ એ દત્તઉપાસનાની પશ્ચાદ્ભૂમિ (Background) પર અન્ય કોઈ પણ ઉપાસના ઉલટી વધારે તેજસ્વી બને છે.

દત્તનામથી પરમાત્માની ઉપકાર બુદ્ધિનું સ્મરણ સતત જાગ્રત રહે છે. દત્ત એ નામમાં રહેલા 'દ' અને 'ત' બંને અક્ષરો દંત્ય સ્થાનના હોઈ અને શબ્દ દ્વારા પણ એ એકજ અદ્વૈતનિષ્ઠા સૂચવે છે અને સ્વર પણ જુઓ : એક જ - અદ્વૈત પરબ્રહ્મનો સૂચક અકાર.

રંગ અવધૂત

## આધ્યાત્મિક દૃષ્ટિએ 'દત્ત'

જેનામાં અસૂયા-દોષદૃષ્ટિ કે મત્સરનો સદંતર અભાવ છે તેને ત્યાં પ્રભુ અવતાર ધારણ કરે એમાં શી નવાઈ ? માટે જ એ અત્રિ -અનસૂયાની એકનિષ્ઠ તપોભક્તિનું ફળ એ જ શ્રીદત્ત. અત્રિ ઋષિથી આવિર્ભાવ થયો માટે આત્રેય અને પોતાના આત્મદાનથી દત્ત એમ એ દત્તાત્રેય નામની સાર્થકતા.

શરીર એ જ સહ્યાચળ પર્વત, એમાં મધ્યવર્તી આવેલું હૃદય એ જ માહૂરગઢ, અપરોક્ષ જ્ઞાન તે અત્રિ, એકનિષ્ઠ પ્રેમલક્ષણા ભક્તિ તે જ અનસૂયા ને એ બેના સમન્વયથી-જન્મતું વિજ્ઞાન કે નિર્ગુણ સક્રિય સાક્ષાત્કાર કે અનુભવ તે જ દત્ત. એનું જ ધ્યાન ધરવાથી-નિદિધ્યાસન કરવાથી કીટભ્રમરન્યાયે સાધક મુક્ત દશાને પામે છે, જીવ મટી શિવ થાય છે, કલ્યાણરૂપ, મંગળરૂપ બની જગતમાં માંગલ્ય વરસાવે છે. એ જ સત્યં (શાન્તં) શિવં સુંદરં તે દત્ત.

વળી દેહ સહ્યાદ્રિ માહૂર હૃદ્ ત્યાં
તથા જ્ઞાન અત્રિ સતી એકનિષ્ઠા ।
નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત
તરે જન્મ ને મોત ધ્યાતા જ સંત ॥

રંગ અવધૂત